

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 181
Dt.: 07-05-2026,
Thursday
Page:04
Rs.00.50 paisa

### ડીલની આશા સાથે ટ્રમ્પનો મહત્ત્વનો નિર્ણય

# ઈરાન સાથેના યુદ્ધ વચ્ચે અમેરિકાએ 'પ્રોજેક્ટ ફ્રીડમ'ને પણ અટકાવ્યું

## અમેરિકા દ્વારા ઓપરેશન રોકવાની જાહેરાત થતા જ આંતરરાષ્ટ્રીય બજારમાં ઓઈલની કિંમતોમાં ઘટાડો નોંધાયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવમાં એક મોટો ફેરફાર જોવા મળ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝની ખાડીમાં ફસાયેલા જહાજોને બહાર કાઢવા માટેના 'પ્રોજેક્ટ ફ્રીડમ'ને થોડા સમય માટે રોકવાની જાહેરાત કરી છે. ટ્રમ્પના મતે ઈરાન સાથેની વાતચીત હવે અંતિમ સમજૂતી તરફ વધી રહી છે અને તેમાં સારી પ્રગતિ થઈ છે. આ દરમિયાન અમેરિકાએ તેના સૈન્ય અભિયાન 'ઓપરેશન એપિક ફ્યુરી'ને પણ ખતમ કરવાની જાહેરાત કરી છે. વિદેશ મંત્રી માર્ક રુબિયોએ સ્પષ્ટ કર્યુ કે અમેરિકા હવે કોઈ નવું યુદ્ધ નથી ઈચ્છતું અને શાંતિના માર્ગે આગળ વધવા માંગે છે.ભલે પ્રોજેક્ટ ફ્રીડમ અટકાવી દેવામાં આવ્યો હોય, પરંતુ ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે હોર્મુઝની ખાડી પર અમેરિકાની નાકેબંધી પૂરી રીતે ચાલુ રહેશે. ઈરાનને કડક શબ્દોમાં ચેતવણી આપતા ટ્રમ્પે જણાવ્યું કે અમેરિકાએ ઈરાની નૌકાસેનાને એટલું નુકસાન પહોંચાડ્યું છે કે હવે તેમની પાસે લડવા માટે કોઈ બોટ બચી નથી. આ સાથે જ તેમણે ઈરાનના નાગરિકોના વિરોધ પ્રદર્શન અંગે પણ નિવેદન આપતા હિંસાની આશંકા વ્યક્ત કરી હતી. બીજી તરફ, અમેરિકાએ દાવો કર્યો છે કે તેણે ઈરાનની 7 નૌકાઓને તોડી પાડી છે, જોકે આ સંઘર્ષમાં 10 સામાન્ય નાવિકોના મોત પણ થયા છે.અમેરિકા દ્વારા ઓપરેશન રોકવાની જાહેરાત થતા જ આંતરરાષ્ટ્રીય બજારમાં ઓઈલની કિંમતોમાં ઘટાડો નોંધાયો છે. અમેરિકન ક્રૂડ ઓઈલ (WTI)ની કિંમત આશરે 2.18% ઘટીને 100.04 ડોલર પ્રતિ બેરલ પર આવી ગઈ છે. હાલમાં અમેરિકન વાયુસેનાના F-16 વિમાનો હોર્મુઝ વિસ્તારમાં સતત પેટ્રોલિંગ કરી રહ્યા છે. આ સૈન્ય તહેનાતીનો મુખ્ય ઉદ્દેશ્ય અમેરિકન સૈનિકોની સુરક્ષા અને વિશ્વમાં ઓઈલનો પુરવઠો ખોરવાય નહીં તે માટે વેપારી જહાજોને રક્ષણ આપવાનો છે.હોર્મુઝની ખાડીમાં વધતા તણાવને ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્ર (UN)માં એક મહત્ત્વનો પ્રસ્તાવ તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્રસ્તાવ દ્વારા ઈરાનને સખત ચેતવણી આપવામાં આવી છે કે જો તે જહાજો પર હુમલા અને ગેરકાયદે ટોલ વસૂલાત બંધ નહીં કરે, તો તેના પર કડક પ્રતિબંધો લાદવામાં આવશે. આ ઉપરાંત, સમુદ્રમાં બિછાવેલી માઈન્સની જાણકારી શેર ન કરવા બદલ પણ ઈરાન સામે આકરા પગલાં લેવાની તૈયારી બતાવવામાં આવી છે.

### સૌથી મોટા વિજ્ઞાનીની ડરામણી ભવિષ્યવાણી

# ૨૦૨૬ દુનિયાનું સૌથી ગરમ વર્ષ સાબિત થશે



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વિશ્વના જાણીતા હવામાન વૈજ્ઞાનિક ડૉ. જેમ્સ હાનસેને એક અત્યંત ચિંતાજનક આગાહી કરી છે. તેમના મતે, વર્ષ ૨૦૨૬ પૃથ્વીના ઈતિહાસનું અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ સાબિત થઈ શકે છે. વધતી જતી ગ્લોબલ વોર્મિંગ અને શક્તિશાળી સુપર અલ-નીનોનું મિશ્રણ વર્ષ ૨૦૨૪ના ગરમીના તમામ રેકોર્ડને પણ પાછળ છોડી દેશે તેવી આશંકા છે.આપણે સૌ જાણીએ છીએ કે, ૨૦૨૪ અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ રહ્યું છે. ઔદ્યોગિક ક્રાંતિ પહેલાના સ્તર કરતા પૃથ્વીનું તાપમાન ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી વધી ગયું હતું. જોકે, ૨૦૨૫માં પણ ગરમીનો પ્રકોપ ચાલુ રહ્યો છે, પરંતુ વૈજ્ઞાનિકો માને છે કે, ૨૦૨૬માં સ્થિતિ વધુ ગંભીર બનશે. કોલંબિયા યુનિવર્સિટીના વૈજ્ઞાનિક હાનસેને જણાવ્યું છે કે, આ માત્ર એક અનુમાન નથી, પરંતુ ગાણિતિક મોડલ્સ અને વૈજ્ઞાનિક તથ્યો પર આધારિત ગંભીર ચેતવણી છે.અલ-નીનો એ પ્રશાંત મહાસાગરમાં સર્જાતી એક કુદરતી ઘટના છે. સામાન્ય રીતે દક્ષિણ અમેરિકા પાસેના દરિયાનું પાણી ઠંડું હોય છે, પરંતુ અલ-નીનો દરમિયાન આ પાણી ગરમ થવા લાગે છે. જ્યારે આ ગરમી સામાન્ય કરતા ઘણી વધી જાય, ત્યારે તેને સુપર અલ-નીનો કહેવામાં આવે છે. આના કારણે પૃથ્વીની હવાનું વહેણ બદલાય છે. જેની સીધી અસર વૈશ્વિક હવામાન પર પડે છે. વૈજ્ઞાનિકોના મતે ૨૦૨૫ના બીજા ભાગમાં અલ-નીનો શરૂ થશે, જેની વિનાશક અસર ૨૦૨૬માં પૂર્ણરૂપે જોવા મળશે.જેમ્સ હાનસેને જ વૈજ્ઞાનિક છે જેમણે ૧૯૮૮માં પહેલીવાર અમેરિકી કોંગ્રેસને ચેતવણી આપી હતી કે, માનવીય પ્રવૃત્તિઓને કારણે પૃથ્વી ગરમ થઈ રહી છે. તેમની નવી રિપોર્ટ મુજબ માર્ચ ૨૦૨૬ સુધીમાં મહાસાગરના ઉપરના ૩૦૦ મીટર પાણીનું તાપમાન સામાન્ય કરતા ૧ ડિગ્રી વધુ હતું, જે એપ્રિલ સુધીમાં ૧.૬ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. વર્ષ ૨૦૨૬નું તાપમાન ૨૦૨૪ કરતા પણ ૦.૦૬ ડિગ્રી સેલ્સિયસ વધુ રહેવાની શક્યતા છે. આ આગાહી મુજબ, ૨૦૨૬ બાદ ૨૦૨૭નું વર્ષ કદાચ આનાથી પણ વધુ ગરમ હોઈ શકે છે.ગ્લોબલ વોર્મિંગ એ માનવસર્જિત સમસ્યા છે. કોલસો, પેટ્રોલ અને ગેસના વપરાશથી હવામાં કાર્બન ડાયોક્સાઈડ ($CO_2$)નું પ્રમાણ વધ્યું છે. જે ગરમીને પૃથ્વીની બહાર જવા દેતું નથી. જ્યારે કુદરતી અલ-નીનો આ ગ્લોબલ વોર્મિંગ સાથે મળે છે, ત્યારે તે 'બળતામાં ઘી' હોમવાનું કામ કરે છે. હાનસેનના મતે, વાયુ પ્રદૂષણ (એરોસોલ) ઘટવાને કારણે પણ ગરમી વધી છે, કારણ કે પ્રદૂષણ અત્યાર સુધી સૂર્યના કિરણોને પરાવર્તિત કરી ઢાલ તરીકે કામ કરતું હતું.ભારત જેવા ખેતીપ્રધાન દેશ માટે આ સ્થિતિ અત્યંત પડકારજનક રહેશે. રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને દિલ્હી જેવા વિસ્તારોમાં તાપમાન ૪૫ થી ૫૦ ડિગ્રીને પાર કરી શકે છે. અલ-નીનોને કારણે ભારતમાં વરસાદ ઓછો પડવાની અથવા વિલંબ થવાની શક્યતા રહે છે, જેની સીધી અસર કૃષિ ઉત્પાદન પર પડશે. ગરમીને કારણે જળાશયો સુકાઈ જશે અને પીવાના પાણીની સમસ્યા વિકટ બનશે. ઓસ્ટ્રેલિયા અને ઈન્ડોનેશિયામાં ભયાનક દુષ્કાળની સ્થિતિ છે. દક્ષિણ અમેરિકામાં અતિવૃષ્ટિ અને પૂરનો પ્રકોપનો સામનો કરવો પડે છે. આર્કટિકમાં બરફ પીગળવાની ગતિ તેજ થશે, જેનાથી દરિયાઈ સ્તર વધશે. વાવાઝોડામાં ગરમ સમુદ્રને કારણે દરિયાઈ તોફાનો વધુ શક્તિશાળી અને વિનાશક બનશે.વૈજ્ઞાનિકોની આ ચેતવણી આપણને સુધરવાની છેલ્લી તક આપી રહી છે.

### નવી સરકારની રચનાનો માર્ગ મોકળો

# મમતા બેનરજીને ઝટકો, ચૂંટણી પંચે રાજ્યપાલને નોટિફિકેશન મોકલી

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે નવી સરકારની રચના માટેની તૈયારીઓ તેજ થઈ ગઈ છે. ચૂંટણી પંચે નવી વિધાનસભાની રચના માટે સત્તાવાર નોટિફિકેશન બહાર પાડી દીધું છે. આ અધિસૂચના રાજ્યપાલને મોકલી આપવામાં આવી છે, જે રાજ્યમાં નવી સરકારના શપથ ગ્રહણ અને લોકતાંત્રિક પ્રક્રિયાના આગામી તબક્કાની શરૂઆત કરશે. આ પગલું મમતા બેનરજી માટે ઝટકો માની શકાય છે જેમણે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવાનો ઈનકાર કરી દીધો હતો. ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મંગળવારે ચૂંટણી પંચ દ્વારા નવી વિધાનસભાના ગઠન માટેની સત્તાવાર નોટિફિકેશન જારી કરવામાં આવી હતી. આ અધિસૂચના રાજ્યપાલને મોકલવાની સાથે જ રાજ્યમાં ચૂંટણી પ્રક્રિયાનો ઔપચારિક રીતે અંત આવ્યો છે અને નવી સરકાર બનાવવાનો રસ્તો સાફ થયો છે.ચૂંટણી પંચના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ચૂંટણી પરિણામો જાહેર થયા બાદ નવી વિધાનસભાની રચના માટે નોટિફિકેશન બહાર પાડવું એ એક મહત્વપૂર્ણ બંધારણીય પ્રક્રિયા છે. અધિકારીના જણાવ્યા અનુસાર, ચૂંટણી પંચ દ્વારા નવી વિધાનસભાની રચનાની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે અને હવે નિર્ધારિત નિયમો મુજબ સરકાર રચવાના આગામી પગલાં લેવામાં આવશે.૮ મેના રોજ ભાજપના ધારાસભ્ય દળની બેઠક યોજાઈ શકે છે અને આગામી ૯ મે ના રોજ બંગાળમાં ભાજપની નવી સરકારનું ગઠન થઈ શકે છે અને શપથ સમારોહ યોજાઈ શકે છે. તેમાં વડાપ્રધાન મોદીની સાથે એનડીએના દિગ્ગજ નેતાઓ પણ સામેલ થવાના છે.

### બંગાળમાં એસઆઈઆરમાં ૯૦ લાખ મતદારો હટાવાયા હતા

# બંગાળમાં SIR વખતે જ્યાં મતદારોના નામ રદ કરાયા ત્યાં ભાજપને ફાયદો

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણી પહેલા જ ચૂંટણી પંચ દ્વારા મતદારોનું વેરિફિકેશન કરાયું અને તેમાં ૯૦ લાખ મતદારોના નામ યાદીમાંથી બહાર કરી દેવાયા, જે ચૂંટણી પરિણામો સામે આવ્યા તેમાં ૨૯૪ બેઠકોમાંથી ૧૪૭ બેઠકો એવી છે કે જ્યાં ૨૫ હજારથી વધુ મતદારોના નામ હટાવાયા, આ બેઠકો પર મમતા બેનરજીના પક્ષ તૃણમૂલ કોંગ્રેસને ભારે નુકસાન થયું. જ્યારે ભાજપનું જબરદસ્ત પ્રદર્શન રહ્યું. તાજેતરમાં હાથ ધરાયેલા વિવિધ એનાલિસિસ જણાવે છે કે ૧૪૭ વિધાનસભા બેઠકો પર ૨૫ હજારથી વધુ મતદારોના નામ કમી કરવામાં આવ્યા ત્યાં ભાજપે ૯૫ બેઠકો પર જીત મેળવી છે. જ્યારે ટીએમસીને ૫૧ બેઠકો મળી હતી. ચૂંટણી પંચ દ્વારા મતદારોના વેરિફિકેશન માટેની પ્રક્રિયા એસઆઈઆર હાથ ધરાઈ જેમાં ૬૭ બેઠકો એવી છે કે જ્યાં ૧૫ હજારથી ૨૫ હજાર મતદારોના નામ કાઢવામાં આવ્યા. ચૂંટણી પરિણામોમાં આ બેઠકો પર પણ ભાજપ વિજેતા બન્યો હતો. આ ૬૭ માંથી ૪૭ બેઠકો ભાજપે કબજે કરી લીધી છે. ૬૨ બેઠકો એવી છે કે જ્યાં પાંચ હજારથી ૧૫ હજાર મતદારોના નામ યાદીમાંથી હટાવવામાં આવ્યા હતા, આવી બેઠકોના ચૂંટણી પરિણામો પર નજર કરીએ તો અહીંયા પણ ભાજપ ૫૦ બેઠકો પર જીત મેળવવામાં સફળ રહ્યો, એટલે કે જે પણ મત વિસ્તારમાં મોટી સંખ્યામાં મતદારોના નામ કમી કરવામાં આવ્યા ત્યાં ભાજપને મોટી જીત મળી છે જ્યારે મમતાના પક્ષ તૃણમૂલ કોંગ્રેસે હારનો સામનો કરવો પડયો છે. મમતા બેનરજીએ ચૂંટણી પ્રચારમાં એસઆઈઆરનો વિરોધ કર્યો હતો. જે ૧૩ વિધાનસભા બેઠકો પર મતદાર યાદીમાંથી પાંચ હજારથી ઓછા મતદારોના નામ હટાવવામાં આવ્યા ત્યાં ભાજપને સૌથી વધુ લાભ થયો. ભાજપે આ તમામ બેઠકો પર જીત મેળવી લીધી. મુર્શિદાબાદમાં ૪.૫૫ લાખ, ઉત્તર ૨૪ પરગણામાં ૩.૨૫ લાખ, માલદામાં ૨.૩૯ લાખ નામ હટાવાયા. મુર્શિદાબાદમાં ટીએમસીએ ૨૦૨૧ માં ૨૨માંથી ૨૦ બેઠકો જીતી હતી, આ વખતે જીતેલી બેઠકો માત્ર નવ રહી. ઉત્તર ૨૪ પરગણામાં ટીએમસીને ૨૦૨૧માં ૩૩માંથી ૨૮ બેઠક મળી હતી જોકે આ વખતે માત્ર નવ પર સમેટાઈ ગઈ. માલદામાં પણ ૨.૩૯ લાખ મતદારોના નામ કમી કરાયા ત્યાં ટીએમસીને ૨૦૨૧માં ૧૨ માંથી આઠ બેઠક મળી હતી આ વખતે અડધી બેઠકો જીતાઈ છે.

### ચીનના દબદબાને પડકારવાની મોટી તૈયારી

# વિયેતનામ સાથે ભારતની સુપર ડીલ, UPIથી ડિફેન્સ સુધી બધું જ બદલાયું

## વિયેતનામના રાષ્ટ્રપતિ તો લામની ભારત યાત્રા દરમિયાન સંરક્ષણ અને વેપારને લઈને અનેક ઐતિહાસિક સમજૂતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસમાં બુધવારે વિયેતનામના રાષ્ટ્રપતિ તો લામએ ભારતની આર્થિક અને ટેકનિકલ વિકાસ દર જોઈને જે શબ્દો કહ્યા, તે વૈશ્વિક મંચ પર ભારતની વધતી શાખનું પ્રમાણ છે. તેમણે ભારતને 'દુનિયામાં વિકાસ અને નવાચારનું કેન્દ્ર' ગણાવ્યું. રાષ્ટ્રપતિ લામએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે સફળ વાટાઘાટો બાદ સ્પષ્ટ કર્યું કે, હનોઈની વિદેશ નીતિમાં નવી દિલ્હી સાથેના સંબંધો સર્વોચ્ચ પ્રાથમિકતા પર છે. છેલ્લા ૫૦ વર્ષોના અતૂટ રાજદ્વારી સંબંધો અને એક દાયકાની મજબૂત વ્યૂહાત્મક ભાગીદારીને હવે 'એન્હાન્સ્ડ કોમ્પ્રિહેન્સિવ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ' તરીકે નવી પાંખો મળી છે. બંને દેશોએ ખુલ્લેઆમ સ્વીકાર્યું છે કે, આ મિત્રતા માત્ર બે દેશોના અંગત હિત માટે નથી. આ મિત્રતા સમગ્ર ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની સ્થિરતા અને શાંતિ માટે એક અનિવાર્ય શરત બની ચૂકી છે. વિયેતનામ હવે ભારતની વૈશ્વિક ભૂમિકાના વિસ્તારને માત્ર સમર્થન જ નથી આપી રહ્યું, પરંતુ દરેક વૈશ્વિક મંચ પર ભારતની સાથે ખભેખભા મિલાવીને ઊભા રહેવાનું વચન પણ આપી ચૂક્યું છે.




વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ દરમિયાન એક ખૂબ જ ભાવુક અને મહત્વપૂર્ણ મુદ્દાનો ઉલ્લેખ કર્યો. તેમણે ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પહેલગામમાં થયેલા બર્બર આતંકવાદી હુમલાની ચર્ચા કરી હતી. પીએમ મોદીએ આ મુશ્કેલ અને વિષમ પરિસ્થિતિમાં ભારતનો મક્કમતાથી સાથ આપવા બદલ વિયેતનામની સરકાર અને ત્યાંની જનતાનો આભાર માન્યો હતો. આ તે ઊંડા વિશ્વાસનો પાયો હતો જે સંકટના સમયે પરખાયો છે.

વડાપ્રધાને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, આતંકવાદ વિરુદ્ધ ભારતના સતત સંઘર્ષમાં વિયેતનામની નિંદા અને સમર્થન આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણું મહત્વ ધરાવે છે. બંને નેતાઓએ સંયુક્ત સંકલ્પ લીધો કે, તેઓ ભવિષ્યના પડકારોનો સામનો કરવા માટે સુરક્ષા સહયોગને વધુ સઘન બનાવશે. આજના વૈશ્વિક ઉથલપાથલવાળા ગાળામાં, જ્યાં ઘણી મોટી અર્થવ્યવસ્થાઓ સંઘર્ષ કરી રહી છે, ભારત અને વિયેતનામ દુનિયાની સૌથી ઝડપથી વધતી આર્થિક શક્તિઓ તરીકે ઉભરી આવ્યા છે. હવે આ બંને દેશો પોતાની આ 'એન્હાન્સ્ડ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ'ના માધ્યમથી એકબીજાની 'ઝડપી પ્રગતિ'માં સૌથી મોટા સહયોગી બનશે. આર્થિક મોરચે ભારત અને વિયેતનામ વચ્ચેનો તાલમેલ જોવા જેવો છે. છેલ્લા ૧૦ વર્ષોમાં બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર બમણો થઈને ૧૬ બિલિયન ડોલર સુધી પહોંચી ચૂક્યો છે, પરંતુ બંને નેતાઓએ આટલાથી જ સંતોષ માન્યો નથી. હવે લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે કે, વર્ષ ૨૦૩૦ સુધીમાં આ વ્યાપારી આંકડાને ૨૫ બિલિયન ડોલરની પાર લઈ જવો છે. આ મહત્વાકાંક્ષી લક્ષ્યાંક હાંસલ કરવા માટે અનેક વ્યૂહાત્મક નિર્ણયો લેવામાં આવ્યા છે. ખૂબ જ જલ્દી વિયેતનામના બજારોમાં ભારતના દ્રાક્ષ અને દાડમ પોતાની જગ્યા બનાવશે. કૃષિની સાથે-સાથે ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં પણ ભારતને મોટી સફળતા મળી છે. બંને દેશોની ડ્રગ ઓથોરિટીઝ વચ્ચે થયેલી સમજૂતીથી ભારતીય દવાઓની પહોંચ વિયેતનામના હોસ્પિટલો અને ઘરો સુધી સરળ બનશે. આ ઉપરાંત માછલી ઉછેર અને પશુ ઉત્પાદનોની નિકાસને સુગમ બનાવવા માટે પણ કાગળની કાર્યવાહીને સરળ કરવામાં આવી છે.



# તંત્રી લેખ......

## મમતાની જીદ

પશ્ચિમ બંગાળમાં કારમી હારનો સામનો કર્યા પછી, જેમાં પોતાની ચૂંટણી હારનો પણ સમાવેશ થાય છે, મમતા બેનર્જીનો મુખ્યમંત્રી પદેથી રાજીનામું નહીં આપવાનો દાવો એ સ્પષ્ટ રાજકીય જીદ છે. આમ કરીને, તેઓ માત્ર તેમની અલોકતાંત્રિક માનસિકતા જ નહીં પરંતુ તેમના અસ્તવ્યસ્ત રાજકીય વર્તનને પણ ઉજાગર કરી રહ્યા છે, જેના કારણે તેમના પક્ષને સત્તા પરથી દૂર કરવામાં આવ્યા હતા.

તેઓ જાણી જોઈને એ હકીકતને અવગણી રહ્યા છે કે તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિન, જેમણે તેમની સાથે હારનો સામનો કર્યો હતો, તેમણે સરળતાથી તેમની હાર સ્વીકારી લીધી હતી અને કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને રાજીનામું આપી દીધું હતું. લોકશાહીમાં આવું જ થવું જોઈએ, પરંતુ મમતા બેનર્જી માત્ર બાલિશ જીદ જ નહીં પરંતુ રાજકીય અપરિપક્વતા પણ દર્શાવી રહ્યા છે.

બહોળો રાજકીય અનુભવ ધરાવતા મમતા બેનર્જી એ વાતથી અજાણ હોઈ શકે છે કે જો તેઓ રાજીનામું નહીં આપે, તો રાજ્યપાલ તેમને બરતરફ કરી શકે છે અથવા રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની ભલામણ કરી શકે છે. જો તેમની જીદને કારણે આ પરિસ્થિતિ ઊભી થાય છે, તો તે ફક્ત અપમાન તરફ દોરી જશે. વારંવાર બંધારણનો આગ્રહ રાખતી મમતા બેનર્જીનું ઉદાહરણ શોધવું મુશ્કેલ છે, જે રાજીનામું આપવાનો ઈનકાર કરે છે. રાજીનામું આપવાનો ઈનકાર કરીને, મમતા બેનર્જી તેમના સમર્થકોને સંદેશ આપવાનો નિષ્ફળ પ્રયાસ કરી રહી છે કે તેમની સાથે અન્યાય થયો છે. જો કે, આ રીતે, તેઓ ન તો જાહેર સહાનુભૂતિ મેળવી શકે છે અને ન તો તેમનો ખોવાયેલો ટેકો પાછો મેળવી શકે છે. તેમણે જાણવું જોઈએ કે લોકો બધું ભૂલી જાય છે, પરંતુ ઘમંડ સરળતાથી ભૂલી શકાતો નથી.

જો મમતા બેનર્જી તેમનો ખોવાયેલો ટેકો પાછો મેળવવા માંગતી હોય, તો તેમણે નમ્રતાપૂર્વક જનાદેશ સ્વીકારવો જોઈએ. તેમનો તર્ક છે કે તેઓ હાર્યા નથી, પરંતુ હાર્યા છે. સ્પષ્ટપણે, તેઓ એ સમજવા તૈયાર નથી કે તેમનો હાર તેમના ગેરશાસન અને તેના પરિણામે જાહેર નારાજગીને કારણે થયો હતો. કહેવાની જરૂર નથી કે તૃણમૂલ કોંગ્રેસ બહુમતીથી ૧૦-૧૫ બેઠકો પણ ઓછી નહોતી. તે ૨૯૪ બેઠકોવાળી વિધાનસભામાં ૧૦૦ બેઠકો સુધી પણ પહોંચી શકી ન હતી. પોતાની જાતને હારનો આરોપ લગાવીને, મમતા બેનર્જી રાહુલ ગાંધીના લાંબા સમયથી ચાલતા વલણને અપનાવી રહ્યા છે, જેમાં તેઓ સતત ચૂંટણી ચોરીના સિદ્ધાંતનો ઉપયોગ કરે છે. ગઈકાલે, તેમણે એ જ ભાવનાનો પડઘો પાડતા કહ્યું કે ભાજપે ચૂંટણી પંચના સમર્થનથી આસામ અને બંગાળમાં ચૂંટણી ચોરી કરી હતી. પ્રશ્ન એ છે કે, કેરળ વિશે તેમનો શું અભિપ્રાય છે, જ્યાં કોંગ્રેસના નેતૃત્વ હેઠળના ગઠબંધનનો વિજય થયો હતો?

# ડલ્લાસના શોપિંગ પ્લાઝામાં નિશાન લઈને ગોળીબાર થયો, ૧૨નાં મોત થયા, ૩ને ઈજા

(સંપૂર્ણ સમાચાર સેવા)ડલાસ (ટેક્સાસ)

અમેરિકામાં ગન કલ્ચર કદી થંભવાનું નથી ? ૧૯મી સદીના પ્રારંભમાં ટેક્ષાસ માટે કહેવાતું વ્હેર મેન ફૂડ સર્વાઈવ બાય રાઈડીંગ ફાસ્ટ, એન્ડ શૂટિંગ ફાસ્ટર. હજી તો ગન કલ્ચર શમ્યું જ નથી. ડલ્લાસની ઉત્તરે આવેલા તેના ઉપનગર કેરોલ્ટન સ્થિત, એક શોપિંગ સેન્ટરમાં ગોળીબાર થતાં બેનાં મૃત્યુ થયા હતા જ્યારે ત્રણને ઈજાઓ થઈ હતી. પોલીસ સૂત્રો જણાવે છે કે, આ ગોળીબાર કૈં આડેધડ થયો ન હતો, ચોક્કસ વ્યક્તિઓને નિશાન બનાવી કરવામાં આવ્યો હતો. ગોળીબાર કરનાર સે હ્યુંગ-હાન- હો બરોબર ઓળખતો પણ હતો. મંગળવારે (સ્થાનિક સમય પ્રમાણે) શહેરના કોરિયા ટાઉન ડીસ્ટ્રીક્ટ સ્થિત કે. ટાઉને પ્લાઝા, આ ઘટના બની હતી. આ વિસ્તાર શહેરનો વ્યાપારી વિસ્તાર છે તે સતત ધમધમતો જ રહે છે. પોલીસ વધુમાં જણાવે છે કે, તે શંકાસ્પદ ને હત્યા સાથે પહેલા વ્યાપારી સંબંધો પણ હતા. પરંતુ તેણે હત્યાઓ શા માટે કરી તે હજી જાણી શકાયું નથી. ગોળીબારી કર્યા પછી તે હત્યારો ત્યાંથી નાસી છૂટયો હતો. અને પોલીસે તેનું પગેરૂ દબાવી ૬ કિલોમીટર સુધી તેનો પીછો કરી કર્યો હતો તે દોડતો- દોડતો નાસી ગયો હતો. પોલીસ પણ તેની પાછળ પડી હતી.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૧૧૩૯નો કડાકોઃ સોનાના વાયદામાં રૂ.૨૭૮૮ અને ચાંદીના વાયદામાં રૂ.૯૯૯૦નો ઉછાળો


## કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૩૯૫૧.૩૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૧૬૦૮૮.૦૪ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૬૭૮૦.૬૦ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૬૮૩૪ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૬૦૦૩૯.૭૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૩૯૫૧.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૧૬૦૮૮.૦૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ મે વાયદો ૩૬૮૩૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૫૪૭૦.૩૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૬૭૮૦.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૦૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૨૮૮૯ અને નીચામાં રૂ.૧૫૧૬૫૩ના સ્તરને સ્પર્શી, રૂ.૧૪૯૭૫૩ના આગલા બંધ સામે રૂ.૨૭૮૮ના ઉછાળા સાથે રૂ.૧૫૨૫૪૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૮૩૪ વધી રૂ.૧૨૨૬૬૨ થયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૨૦ વધી રૂ.૧૫૩૬૮ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૨૮ની તેજી સાથે રૂ.૧૫૨૪૭૮ થયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૦૯૪૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૦૦૦ અને નીચામાં રૂ.૧૫૦૯૪૯ના મથાળે અથડાઈ, રૂ.૧૫૦૦૯૭ના આગલા બંધ સામે રૂ.૨૫૭૮ વધી રૂ.૧૫૨૬૭૫ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૨૪૯૩૧૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૫૫૪૦૯ અને નીચામાં રૂ.૨૪૯૩૧૬ના મથાળે અથડાઈ, રૂ.૨૪૪૩૧૬ના આગલા બંધ સામે રૂ.૯૯૯૦ના ઉછાળા સાથે રૂ.૨૫૪૩૦૬ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૯૧૧૭ ઊછળી રૂ.૨૫૭૧૭૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૯૦૬૪ની તેજી સાથે રૂ.૨૫૭૧૭૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૪૭૪૨.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.૨૩.૬૫ વધી રૂ.૧૩૧૧.૨ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.૧.૯ વધી રૂ.૩૪૭.૫૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.૬.૩ ઘટી રૂ.૩૬૮.૨ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો ૮૫ પૈસા વધી રૂ.૨૦૧ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૨૦૩૬.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૫૭૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૬૫૦ અને નીચામાં રૂ.૪૪૪૫ના મથાળે અથડાઈ, રૂ.૫૯ વધી રૂ.૪૫૯૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.૯૬૧૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૬૪૪ અને નીચામાં રૂ.૮૩૮૦ના સ્તરને સ્પર્શી, રૂ.૯૬૯૮ના આગલા બંધ સામે રૂ.૧૧૩૯ના ભાવઘટાડા સાથે રૂ.૮૫૫૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૧૧૪૨ ઘટી રૂ.૮૫૫૭ થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ




રૂ.૧૦.૨ ઘટી રૂ.૨૫૬.૮ થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.૯.૮ ઘટી રૂ.૨૫૭.૨ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.૯૮૯.૯ના ભાવે ખૂલી, ૭૦ પૈસા ઘટી રૂ.૯૮૬.૫ થયો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.૨૭૪૩ના ભાવે ખૂલી, રૂ.૪૦ ઘટી રૂ.૨૮૦૨ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૬૩૧૪.૧૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૦૪૬૬.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૩૭૦૫.૭૭ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૬૬.૩૭ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩.૧૮ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૨૯.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩૩.૨૪ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૯૮૪૮.૧૬ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૧૫૫.૩૩ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૦.૫૦ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૩૧ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૧૦૧૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૩૮૫૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૬૬૨૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૫૬૩૪૬ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૬૯૪૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૪૦૭ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૨૫૩૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૬૩૮૯ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૬૭૩ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૬૬૫ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૧૪૪૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ મે વાયદો ૩૬૫૩૯ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૬૮૩૪ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૫૩૯ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૮૧૩ પોઈન્ટ વધી ૩૬૮૩૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૮૬.૯ ઘટી રૂ.૧૧૮.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૨ ઘટી રૂ.૬.૯૫ થયો હતો.

સોનું મે રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૭૧ વધી રૂ.૨૦૩૫ થયો હતો. આ સામે ચાંદી મે રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૭૯.૫ વધી રૂ.૭૪૬.૫ થયો હતો. તાંબું મે રૂ.૧૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૯.૩૫ વધી રૂ.૧૫.૮૪ના ભાવે બોલાયો હતો. જસત મે રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૪ વધી રૂ.૪.૧૯ના ભાવે બોલાયો હતો. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૯૦.૮૫ ઘટી રૂ.૧૨૩.૨ થયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૪૫ ઘટી રૂ.૧૦.૬૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૬૦ વધી રૂ.૨૦૪૬.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૭૫.૫ વધી રૂ.૮૫૪ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૦૫.૬ વધી રૂ.૨૭૯.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૨૫ વધી રૂ.૧૩.૪૫ના ભાવે બોલાયો હતો. સોનું મે રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૧૦ ઘટી રૂ.૧૯૯૬ થયો હતો. આ સામે ચાંદી મે રૂ.૨૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૯૬.૫ ઘટી રૂ.૧૧૦૯ થયો હતો. તાંબું મે રૂ.૧૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૦૫ ઘટી રૂ.૭.૨૧ થયો હતો. જસત મે રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪૫ પૈસા વધી રૂ.૨.૯ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૧૨.૬૫ વધી રૂ.૨૯૩ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૨૫ વધી રૂ.૧૩.૫૫ થયો હતો. સોનું-મિની મે રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૯૫ ઘટી રૂ.૨૦૬૦ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૯૪૪.૫ ઘટી રૂ.૬૧૧૪ના ભાવે બોલાયો હતો.

# આરોપીઓના સરઘસ કાઢવા મુદ્દે પોલીસ સામે કન્ટેમ્પ્ટની અરજી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

વડોદરાના પોલીસ કર્મચારીઓ વિરુદ્ધ કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની અરજી દાખલ કરવામાં આવી છે. અરજદારોનો આક્ષેપ છે કે રિકન્સ્ટ્રકશનના નામે આરોપીઓનું પોલીસ દ્વારા જાહેરમાં સરઘસ કાઢવામાં આવ્યું હતું. જે કોર્ટના આદેશો અને બંધારણથી વિપરીત કૃત્ય છે. હાઈકોર્ટ આ મામલે થયેલી તમામ અરજીઓને હવે ક્લબ કરીને એકસાથે સુનાવણી હાથ ધરી શકે છે. વડોદરાના પાંચ અરજદારોએ વડોદરા પોલીસ સામે કન્ટેમ્પ્ટ અરજી દાખલ કરી છે. જેમાં જણાવ્યું છે કે તેમની સામે શ્રીગણેશજીની પ્રતિમા ઉપર ઈંડા ફેકવાનો આક્ષેપ છે. આ બનાવ ઓગસ્ટ 2025 નો છે. પોલીસ ફરિયાદ અજાણ્યા ઈસમો સામે નોંધવામાં આવી હતી. ત્યારબાદ તપાસ કરીને પોલીસે આરોપીઓની ધરપકડ કરવાનુ શરૂ કર્યુ હતું. પોલીસે કથિત બનાવ મામલે પાંચ આરોપીઓને રિકન્સ્ટ્રકશનના નામે દોઢ કિલોમીટર લાંબી પરેડ કરાવી હતી. પરંતુ આ રિકન્સ્ટ્રકશનમાં તેમને દોષિત ઠેરવીને પોલીસ માફી મંગાવતી હોય તેવું લાગતું હતું. વળી આ બધી બાબતોના વીડિયો સહિતના મટિરિઅલને ગુજરાત પોલીસની વેબસાઈટ ઉપર મૂકવામાં આવી હતી. આ મામલે કોર્ટે અરજદારોને પૂછ્યું હતું કે શું તેઓ ઘટના સમયે ત્યાં હાજર હતા કે કેમ. જે સંદર્ભે અરજદારના વકીલ ગુરુવારે કોર્ટમાં જવાબ રજૂ કરશે.અરજદારના વકીલે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના નિર્દેશો મુજબ તેઓ ત્યાં હાજર હોય તો પણ પોલીસ આવું વર્તન કરી શકે નહીં. તેઓએ હાઈકોર્ટ સમક્ષ ત્રણ CD રજૂ કરી હતી. સાથે જ એમ પણ કહ્યું હતું કે અરજદારોએ કોઈ ઈંડા ફેક્યા નથી. અરજદારોની આ કેસમાં જામીન થયા બાદ પણ એક બાદ એક અન્ય કેસોમાં તેમની ધરપકડ કરીને PASA કરવામાં આવેલી છે.

# રાજ્યની શ્રેષ્ઠ ૧૨ ITIનું શ્રમ-રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને અને રાજ્ય મંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયાની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે કરાયું સન્માન

રાજ્યમાં વર્ષ ૨૦૨૨-૨૩ થી ૨૦૨૫-૨૬ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનારી કુલ ૧૨ ITI સંસ્થાઓનું શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને અને રાજ્ય મંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયાની વિશેષ ઉપસ્થિતિમાં આજે ગાંધીનગર ખાતે સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં વર્ષ ૨૦૨૫-૨૬ માટે બીલીમોરા ITI પ્રથમ ક્રમે, પાલનપુર ITI દ્વિતીય અને જામનગર ITI તૃતીય ક્રમે વિજેતા બની છે. પ્રથમ ક્રમે આવેલી સંસ્થાને રૂ. ૧૧ લાખ, દ્વિતીય ક્રમે રૂ. ૯ લાખ અને તૃતીય ક્રમે આવેલી સંસ્થાને રૂ. ૫ લાખના ચેક અને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આ રકમનો ઉપયોગ જે-તે સંસ્થાના ભવિષ્યના શૈક્ષણિક અને માળખાગત વિકાસ માટે કરવામાં આવશે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા પારદર્શક રીતે આપવામાં આવેલા આ એવોર્ડસ અન્ય સંસ્થાઓ માટે પણ પ્રેરણારૂપ બનશે.



વધુમાં, રાજ્યમાં તજજ્ઞોની કમિટિ દ્વારા નિર્ધારિત માપદંડોના આધારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે મણીનગરની ITI પ્રથમ, સુરત ITI દ્વિતીય અને અમરેલી ITI તૃતીય ક્રમે, વર્ષ ૨૦૨૩-૨૪ માટે તળાજા ITI પ્રથમ, ગોતા-રાણીપ ITI દ્વિતીય અને ગોરવા મહિલા-ITI તૃતીય ક્રમે તેમજ વર્ષ ૨૦૨૪-૨૫ માટે સરસપુર ITI પ્રથમ, વ્યારા ITI દ્વિતીય અને તરસાલી ITIએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યુ છે. રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં ITIના ફાળાને બિરદાવવા અને કૌશલ્ય વર્ધનને વેગ આપવા માટે આયોજિત કાર્યક્રમમાં વિજેતા સંસ્થાઓને અભિનંદન પાઠવતા શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, આ એવોર્ડ એ માત્ર સન્માન નથી પણ આવનારા દિવસો માટેની વિશેષ જવાબદારી છે. આપણું રાજ્ય જે રીતે ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે, ત્યારે ઉદ્યોગોની બદલાતી જરૂરિયાતો મુજબ સક્ષમ મેનપાવર તૈયાર કરવો એ આપણી નૈતિક ફરજ છે. યુવક-યુવતીઓને આધુનિક ટેકનોલોજી સાથે સુસજ્જ કરી તેમને ઉદ્યોગ જગત માટે તૈયાર કરવા પર મંત્રીશ્રીએ વિશેષ ભાર મૂક્યો હતો.

મંત્રી શ્રી બાવળીયાએ કહ્યું હતું કે, રાજ્યના યુવાનોને આધુનિક ઉદ્યોગોની જરૂરિયાત મુજબ તૈયાર કરવામાં ITIની ભૂમિકા મહત્વની હોય છે. જેમ મંદિર બનાવ્યા પછી તેમાં મૂર્તિની સ્થાપના ન થાય તો તે માત્ર પથ્થરનું માળખું જ રહે છે, તેમ માત્ર સરસ મજાના બિલ્ડીંગો બનાવવાથી ITIનો હેતુ સિદ્ધ થતો નથી, પરંતુ તેમાં કાર્યરત આચાયશ્રીઓ, ઈન્સ્ટ્રક્ટરો અને સ્ટાફ એ 'પૂજારી' સમાન છે, જેમણે વિદ્યાર્થીઓ રૂપી મૂર્તિમાં કૌશલ્યના પ્રાણ ફૂંકવાના છે.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, કુશળ માનવબળ ઉપલબ્ધ હોય ત્યારે જ ઉદ્યોગોનો સર્વાંગી વિકાસ શક્ય બને છે, જેથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અનેક યોજનાઓ થકી યુવાઓમાં કૌશલ્ય વિકાસને ખૂબ મહત્વ આપી રહ્યા છે. જેને અનુસંધાને યુવાધનને યોગ્ય પ્લેટફોર્મ અને સ્કીલ ટ્રેનિંગ પૂરી પાડીને તેમને પગભર બનાવવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર પણ સતત કાર્ય કરી રહી છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, તાજેતરમાં એક સંસ્થાની મુલાકાત દરમિયાન ITIના તાલીમાર્થીઓને મિકેનિકલ અને અન્ય ટેકનિકલ ક્ષેત્રમાં જે રીતે ઉચ્ચ કક્ષાની કામગીરી કરતા જોયા તે ખરેખર ગર્વ લેવા જેવી બાબત છે. આપણા યુવાનોમાં અપાર શક્તિ અને આવડત છુપાયેલી છે, માત્ર તેને યોગ્ય દિશામાં વાળવાની જરૂર છે. ઈન્ડસ્ટ્રીમાં કામ કરતા અનુભવી કારીગરોથી પણ વિશેષ કૌશલ્ય આજના યુવાનો દાખવી રહ્યા છે, જે ઉજ્જ્વળ ભવિષ્યના સંકેત છે.

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર રાજ્ય મંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયાએ શ્રેષ્ઠ ITI એવોર્ડ સમારંભ પ્રસંગે મંત્રીશ્રીએ વિજેતા સંસ્થાઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, ITI માત્ર તાલીમ કેન્દ્રો જ નહીં, પરંતુ યુવાનોના ભવિષ્યને આકાર આપનારી મહત્વની સંસ્થાઓ છે. ITIમાંથી તાલીમ મેળવીને નીકળતા વિદ્યાર્થીઓને માસિક ૩૦ હજારથી ૫૦ હજાર સુધીનો પગાર મળે તેવા પ્રયાસો કરવામાં આવશે. આવા સફળ વિદ્યાર્થીઓને બોલાવીને અન્ય એવોર્ડ અપાવી તેમને પ્રોત્સાહિત કરવાની નવી પરંપરા શરૂ કરવા પણ તેમણે સૂચન કર્યું હતું.

વિદ્યાર્થીઓને સ્થાનિક સ્તરે જ રોજગારી મળી શકે તે માટે તેમના જ વિસ્તારમાં જે ઉદ્યોગો વધુ કાર્યરત હોય તેના અનુરૂપ કોર્સ ITIમાં શરૂ કરવા પર મંત્રીશ્રીએ ભાર મૂક્યો હતો, ITIના વિકાસ અને નવા કોર્સ શરૂ કરવા માટે અંદાજે રૂ. ૨ હજાર કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે. આ ભંડોળનો ઉપયોગ કરી દરેક ITIને 'મોડેલ ITI' બનાવવા મંત્રીશ્રીએ આહવાન કર્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, હાલમાં વિદેશોમાં પ્લમ્બર, ગેસ રીપેરીંગ અને ટાઈલ્સ ફિટિંગ જેવા ટેકનિકલ કૌશલ્યો ધરાવતા લોકોની મોટી માંગ છે. આવા ટૂંકા ગાળાના કોર્સ દ્વારા યુવાનોને વૈશ્વિક સ્તરે રોજગારી મળે તેવું આયોજન કરવામાં આવશે.

આ પ્રસંગે શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના સચિવ શ્રી લોચન સહેરાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં અભ્યાસ છોડી દેતા ડ્રોપ-આઉટ વિદ્યાર્થીઓને કુશળ બનાવી રોજગારી પૂરી પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા નવી પહેલ હાથ ધરવામાં આવશે. આ ડ્રોપ-આઉટ યુવાધનને અનસ્કિલ કામો કે અસામાજિક પ્રવૃત્તિઓથી બચાવવા માટે તેમને સ્કિલ ડેવલપમેન્ટ સાથે જોડવા અનિવાર્ય છે. જેથી ITI દ્વારા શાળાઓ સાથે સંકલન સાધીને આવા બાળકોને આઈડેન્ટિફાય કરીને ITIમાં ખાલી રહેતી બેઠકો પર પ્રવેશ સુનિશ્ચિત કરવામાં આવશે.

વધુમાં, સચિવશ્રીએ ઉમેર્યું કે, કેન્દ્ર સરકારની 'પીએમ સેતુ' યોજના હેઠળ રાજ્યની ૬૦ ITIને રૂ. ૨,૮૦૦ કરોડથી વધુના ખર્ચે આર્ટ ઓફ સ્કિલિંગ સેન્ટર બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં લેબનું અપગ્રેડેશન, નવી બિલ્ડિંગોનું નિર્માણ અને હયાત માળખાના મેન્ટેનન્સ પર વિશેષ ભાર મૂકવામાં આવશે. આ ઉપરાંત સ્થાનિક ઈન્ડસ્ટ્રી ક્લસ્ટર સાથે ટાઈ-અપ કરી ઉદ્યોગોની માંગ મુજબના કોર્સ તૈયાર કરવામાં આવશે. તાજેતરમાં સેમીકન્ડક્ટર ક્ષેત્રે જાહેર થયેલા નવા પ્રોજેક્ટ્સને ધ્યાને રાખી અમદાવાદ અને આસપાસની ITIમાં સેમીકન્ડક્ટર સ્પેશિયલ કોર્સ શરૂ કરી યુવાનોને ૧૦૦ ટકા પ્લેસમેન્ટ મળે તેવું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

આ પ્રસંગે શ્રમ-રોજગાર નિયામક શ્રી નીતિન સાંગવાને સ્વાગત પ્રવચન તથા નાયબ નિયામક શ્રી મયુરીબેન પ્રજાપતિએ આભારવિધિ કરી હતી.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# મોરબી જિલ્લામાં ખેડુતોનો આક્રોશ: નોટીસો રદ કરો નહીતર ગુજરાત સળગશે: મહેશ રાજકોટીયાનુ મુખ્યમંત્રીને અલ્ટીમેટમ

પ્રતિનિધિ,ગાંધીનગર




મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પરીણામો જાહેર થયાના ગણતરીના કલાકોમાં જ ખેડુતોની જમીન પર અદાણીની ૭૬૫ કે.વી. વીજ લાઈન નાખવા માટે તંત્ર દ્વારા અપાયેલી નોટીસોએ વિવાદનો મધપુડો છંછેડયો છે.

ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિના નેતા મહેશ રાજકોટીયાએ મુખ્યમંત્રીને પત્ર લખીને અત્યંત આક્રમક ભાષામાં આખરી અલ્ટીમેટમ આપ્યુ છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો ૧૦ દિવસમાં આ નોટીસો રદ કરવામાં નહી આવે તો હજારો ખેડુતો ગાંધીનગર અને કલેકટર કચેરીઓનો ઘેરાવ કરશે. મહેશ રાજકોટીયાએ આક્ષેપ કર્યો હતો કે ચુંટણીમાં મત લીધા બાદ સરકારે ખેડુતો સાથે ગદારી અને દગાખોરી કરી છે, ઈન્ડીયન ટેલીગ્રાફ એકટની કલમ -૧૬ (૧) હેઠળ મોરબી કલેકટરે જે રીતે રાતો રાત નોટીસો ફટકારી છે. તેને રાજકોટીયાએ અદાણી અને અંબાણીની દલાલશાહી ગણાવી છે. પત્રમાં સરકારની નીતિઓ પર પ્રહાર કરતા ૫ વેધક સવાલો પુછયા છે. (૧) ખેડુત પુત્ર કે ઉદ્યોગપતિઓના નોકર ? ચુંટણી પહેલા ખેતરમાં કામ કરતી માતાના નામે મત માંગીને હવે ખેડુતો પર જ બુલ્ડોઝર કેમ (૨) લોકશાહી કે કંપનીરાજ ? ગ્રામસભાની મંજુરી વગર કયા કાયદાથી અધિકારીઓ ખેડુતોના ઘરે રાત્રે પહોચી જાય છે ? (૩) વિકાસ કોના માટે ? જો વિજળી અને નફો કંપનીને મળતો હોય તો ખેડુતની જમીન કેમ બંજર કરવામાં આવે છે ? (૪) ખેડુત આતંકવાદી છે ? રાત્રે ૨ વાગે પોલીસ મોકલીને ખેડુતોમાં ભય કેમ ફેલાવવામાં આવે છે ? (૫) ખુરશી વ્હાલી કે ખેડુત ? સરકાર પોતાની પ્રાથમિકતા નકકી કરી લે.

ખેડુત સંગઠને મુખ્ય માંગણીઓ કરી છે જેમાં (૧) મોરબી જિલ્લાની તમામ નોટીસો તાત્કાલીક અસરથી લેખિતમાં રદ કરવામાં આવે (૨) ખેડુતની ૧૦૦ ટકા લેખિત સંમતિ વગર એક તસુ જમીન પર પણ કામ શરૂ ન થવુ જોઈએ (૩) જમીન સંપાદન સામે બજારભાવના ૪ ગણા વળતર સાથે ૧૮ ટકા વ્યાજ અને પરીવારના સભ્યને કાયમી નોકરીની માંગ (૪) બળજબરી કરનાર અધિકારીઓ વિરૂધ્ધ આઈપીસીની કલમો હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવે (૫) જો ૧૦ દિવસમાં ઉકેલ નહી આવે તો મહેશ રાજકોટીયાએ નીચે મુજબના આંદોલનની જાહેરાત પણ કરી છે.

જેમાં મોરબી કલેકટર કચેરી ખાતે ૧૦ હજાર ખેડુતોના આમરણાંત ઉપવાસ અને ઘેરાવો, ૫૦ હજાર ખેડુતો સાથે ગાંધીનગર વિધાનસભા પર ખેડુત મહાકુચ, ખેડુત ગાંધીનો પુજારી છે, પણ જો જમીન જશે તો ભગતસિંહ બનતા વાર નહી લાગે, સંમતિ વગર ખેતરમાં પગ મુકશો તો એ ખેતર જ તમારી કબર બનાવશે તેવુ મહેશ રાજકોટીયાએ જણાવ્યુ છે. આ પત્રની નકલ રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને હાઈકોર્ટના મુખ્ય જજને પણ મોકલવામાં આવી છે. હવે જોવાનુ એ રહે છે કે સરકાર ખેડુતોના આ આક્રોશ સામે નમશે કે પછી ગુજરાતમાં ખેડુત આંદોલન વધુ ઉગ્ર બનશે.

# મહેસુલ વિભાગની ચિંતન શિબિરમાં કલેકટરોને ટકોર કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગાંધીનગરના અડાલજ ત્રિમંદિર ખાતે મહેસુલ વિભાગની ત્રિ-દિવસીય ચિંતન શિબિરનો પ્રારંભ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા કરવામાં આવ્યો હતો. આ શિબિરમાં રાજયભરના જિલ્લા કલેકટરો અને મહેસુલી અધિકારીઓ હાજર રહ્યા છે.

આ શિબિરમાં મુખ્યમંત્રીએ આઈએએસ અધિકારીઓને કેટલીક આકરી ટકોર પણ કરી છે. મુખ્યમંત્રીએ કલેકટરોની ભુમિકા પર ભાર મુકતા કહ્યુ હતુ કે તમારી પાસે વિશાળ સત્તાઓ છે અને તે સત્તાનો ઉપયોગ પ્રજાલક્ષી કામોમાં થવો જોઈએ. દર ૧૫ દિવસે પોતાના કામનુ ચિંતન કરો, એક -બે લોકોના કારણે આખા વિભાગની છબી ખરાબ ન થાય એવી ચેતવણી આપતા તેમણે ઝીરો ટોલરન્સ ની નીતિ અપનાવવાની સ્પષ્ટ સુચના આપી હતી. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે સ્વાગત ઓનલાઈન જેવા કાર્યક્રમોમાં નાગરીકોના પ્રશ્નો સીધા તેમની પાસે પહોચે છે, તેથી અધિકારીઓએ અગાઉથી જ સમસ્યાઓનુ નિવારણ કરી દેવુ જોઈએ જેથી લોકો સંતોષ અનુભવે, મુખ્યમંત્રીએ અધિકારીઓને ટકોર કરતા કહ્યુ હતુ કે ઓફીસમાં આવનાર કોઈપણ વ્યકિતને ખચકાટ ન થાય, હસતા મોઢે કામ કરશો તો અરજદાર ખુશ થશે, સાથે જ તેમણે હું ચલાવુ છું એવો અભિગમ છોડીને ટીમવર્ક થી કાર્ય કરવાની સલાહ આપી હતી. વધુમાં મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે સિસ્ટમ સૌના સહકારથી ચાલે છે. આઈએએસ અધિકારીઓના સંઘર્ષનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યુ હતુ કે મોટી મહેનત બાદ આ પદ પ્રાપ્ત થાય છે. તેથી જવાબદારીપૂર્વક કાર્ય કરવુ જરૂરી છે તેવી ટકોર પણ મુખ્યમંત્રીએ કરી હતી. મુખ્યમંત્રીએ શેઠ ની શિખામણ ઝાંપા સુધી તેમ મુખ્યમંત્રીની ટકોર ની અસર હવે કેવી રીતે થાય છે તે હવે જોવુ રહ્યું.

# સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરમાં ભાજપના પ્રદેશ પ્રમુખ વિશ્વકર્મા દ્વારા સાંસદ ગેનીબેન ઠાકોર પર કરવામાં આવેલ ટીપ્પણીને લઈ કોંગ્રેસ દ્વારા પ્રદર્શન યોજાયું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બનાસકાંઠા જિલ્લામાં ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા બનાસકાંઠા સાંસદ ગેનીબેન ઠાકોર પર કરવામાં આવેલ ટીપ્પણીને લઈ રાજયમાં ઠેર ઠેર કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યુ છે. વાવ-થરાદ બાદ સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા દ્વારા બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર પર કરવામાં આવેલ અભદ્ર ટીપ્પણી વિરૂધ્ધ હિંમતનગર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ટાવરચોક ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. જેમાં જિલ્લાના પૂર્વ કોંગ્રેસ પ્રમુખ અશોક પટેલ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ અજમલસિંહ, જિલ્લા મહામંત્રી પ્રિયવદન પટેલ, લઘુમતિ પ્રમુખ ટી વી પટેલ, કાંતીભાઈ, નવનિયુકત તાલુકા અને જિલ્લાના સદસ્યો તેમજ કોંગ્રેસના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# આજથી મુખ્યમંત્રીના નિવાસસ્થાને પાર્લોમેન્ટ્રી બોર્ડની બેઠક શરૂ: ૫ જિલ્લાના ચુંટાયેલી પાંખના વડા પર લાગશે મહોર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગુજરાતના રાજકારણમાં અત્યારે ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. આજે મુખ્યમંત્રીના નિવાસસ્થાને પાર્લામેન્ટ્રી બોર્ડની એક અત્યંત મહત્વની બેઠકનો વિધિવત પ્રારંભ થયો છે. આ બેઠક ૩ દિવસ સુધી ચાલશે.

આ બેઠકનો મુખ્ય એજન્ડા વિવિધ જિલ્લાઓમાં ચુંટાયેલી પાંખના વડા નકકી કરવાનો છે. સંગઠન અને શાસન વચ્ચેના તાલમેલને વધુ મજબુત કરવા માટે પક્ષ દ્વારા આ મહત્વની કવાયત હાથ ધરવામાં આવી છે. મળતી વિગતો મુજબ આ મંથન પ્રક્રિયા આગામી બે દિવસ સુધી સતત ચાલશે. આજે બુધવારની બેઠકમાં પાર્લામેન્ટ્રી બોર્ડના તમામ સભ્યોની હાજરી સુચવે છે કે આ નિર્ણય લેતી વખતે સ્થાનિક સમીકરણો વિશેષ મહત્વ આપવામાં આવશે. પ્રથમ તબકકામાં આજે બુધવારે કુલ ૫ જિલ્લાઓની પસંદગી અંગે ગહન ચર્ચા કરવામાં આવશે. આજના પ્રથમ સત્રમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે. જેમાં દક્ષિણ ગુજરાતના વલસાડ અને ડાંગ જિલ્લાના નામો પર ચર્ચા થઈ રહી છે. જયારે ઉત્તર ગુજરાતના મહત્વના ૩ જિલ્લાઓ જેમાં અરવલ્લી, મહેસાણા અને વાવ-થરાદ જિલ્લાની બેઠક માટેના સંભવિત નામો પર મહોર મારવામાં આવશે. વાવ-થરાદ બેઠકની ભૌગોલિક અને રાજકીય સ્થિતિને જોતા અહીની પસંદગી પર સૌની નજર ટકેલી છે.

### અમદાવાદ મંડળે માલ પરિવહનમાં નવા કીર્તિમાન સ્થાપિત કર્યા

# મહેસાણાથી આસામ જવા માટે પહેલી મસાલા ભરેલી ટ્રેન રવાના



પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ માલ પરિવહન અને રેવેન્યુ ઉપાર્જનના ક્ષેત્રમાં સતત નવી સિદ્ધિઓ પ્રાપ્ત કરીને ભારતીય રેલવેના ફ્રેઈટ ઓપરેશનને નવી દિશા પૂરી પાડી રહ્યું છે. મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશના કુશળ નેતૃત્વમાં અમદાવાદ મંડળ દ્વારા માલ લોડિંગના ક્ષેત્રમાં અનેક મહત્વપૂર્ણ અને નવીનતાસભર પહેલો કરવામાં આવી રહી છે, જેનાથી ફક્ત વ્યાપારી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન જ નથી મળી રહ્યુ, પરંતુ દેશવ્યાપી આપૂર્તિ શ્રેણીને પણ મજબૂતી મળી રહી છે.

આ જ ક્રમમાં તારીખ ૦૬ મે ૨૦૨૬ ના રોજ અમદાવાદ મંડળના મહેસાણા સ્ટેશનથી પૂર્વોત્તર સીમાંત રેલવે (NFR) ના રગિયા મંડળમાં આવેલ અજારા સ્ટેશન (આસામ) માટે ૪૨૦૦ ક્વિન્ટલ જીરૂંથી લોડેડ પહેલી ‘ડીમ્ડ વીપી રેક’ (Deemed VP Rake) સફળતાપૂર્વક લોડ કરીને રવાના કરવામાં આવી. આ સિદ્ધિ અમદાવાદ મંડળ માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે, કેમ કે પહેલી વાર આ સેકટરમાં મસાલાઓનું સંગઠિત રેલવે લોડિંગ કરવામાં આવ્યું છે. આ રેક મારફતે વિવિધ પ્રકારના મસાલાઓનું પરિવહન કરવામાં આવ્યું, જેનાથી રેલવેને લગભગ રૂ. ૨૫ લાખની આવક પ્રાપ્ત થઈ.

આ નવી પહેલ ફક્ત ગુજરાતના મસાલા ઉદ્યોગને પૂર્વોત્તરના બજારોથી જોડવાનું જ કામ નહી કરે, પરંતુ રોડ પરિવહનની સરખામણીમાં વધુ સુરક્ષિત, કિફાયતી અને પર્યાવરણ-અનુકૂળ વિકલ્પ રૂપે રેલવેની ભૂમિકાને પણ સુદ્રઢ બનાવશે. આનાથી સ્થાનિક વેપારીઓ અને નિકાસકારોને પણ મોટી સુવિધા પ્રાપ્ત થશે તથા ભવિષ્યમાં આ પ્રકારની વધારે ફ્રેઈટ મુવમેન્ટની શક્યતાઓ મજબૂત થશે.

આ ઉપરાંત, અમદાવાદ મંડળે હાલમાં જ ગાંધીધામ ક્ષેત્રના ભીમાસર સ્ટેશનથી જમ્મૂ-કાશ્મીરના બાડી બ્રાહ્મણ (BBMN) અને અનંતનાગ સુધી ખાદ્ય તેલ (Edible Oil) નું સફળ લોડિંગ કરી એક મહત્વપૂર્ણ સિદ્ધિ નોંધાવી છે. આ વિશેષ ફ્રેઈટ મુવમેન્ટ હેઠળ ૧૧ BCN વેગન બાડી બ્રાહ્મણ તથા ૦૯ BCN વેગન અનંતનાગ માટે મોકલવામાં આવ્યા. આ પરિવહનથી રેલવેને રૂ. ૧૭ લાખથી વધુની આવક પ્રાપ્ત થઈ.

“કચ્છથી કાશ્મીર” સુધી ખાદ્ય તેલની નિર્વિરોધ આપૂર્તિ દેશની એકતા, મજબૂત લોજિસ્ટિક નેટવર્ક તથા ભારતીય રેલવેની સર્વવ્યાપક પહોંચનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. પશ્ચિમ ભારતના ઔદ્યોગિક અને પોર્ટ ક્ષેત્રોને ઉત્તર ભારત અને જમ્મૂ-કાશ્મીર જેવા સંવેદનશીલ અને દૂરના ક્ષેત્રથી જોડવામાં રેલવેની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે. આ પ્રકારના માલ લોડિંગથી જરૂરી વસ્તુઓની સમયબદ્ધ ઉપલબ્ધતા સુનિશ્ચિત થવાની સાથે-સાથે રોડ વાહનવ્યવહાર પરનું દબાણ ઓછું થાય છે.

અમદાવાદ મંડળના ‘બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ’ (BDU) દ્વારા વેપારી સંસ્થાઓ અને ઉદ્યોગોની સાથે સતત વાર્તાલાપ સ્થાપિત કરીને તેમની જરૂરિયાતોને અનુરૂપ ઉત્તમ અને ઝડપી લોજિસ્ટિક સમાધાન ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે. પરિણામ સ્વરૂપે મંડળમાં નવા-નવા કોમિડિટી ટ્રાફિકનો વિકાસ થઈ રહ્યો છે તથા રેલવે મારફતે માલ પરિવહન પ્રત્યે વ્યપારી સમુદાયનો વિશ્વાસ સતત વધી રહ્યો છે.

અમદાવાદ મંડળ દ્વારા સતત વિકસિત કરવામાં આવી રહેલા નવા ફ્રેઈટ કોરિડોર, ગ્રાહક-અનુકૂળ નીતિઓ. તાત્કાલિક રેક ઉપલબ્ધતા, આધુનિક માલ લોડિંગ સુવિધાઓ અને સમર્પિત માર્કેટિંગ પ્રયાસ મંડળને પશ્ચિમ રેલવેના અગ્રગણ્ય માલ લોડિંગ મંડળોમાં સ્થાપિત કરી રહ્યા છે. મંડળ દ્વારા ઉદ્યોકોની જરૂરિયાતોને અનુરૂપ અનુકૂળ પરિવહન સમાધાન ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે, જેનાથી રેલવે પ્રત્યે ઉદ્યોગ જગતનો વિશ્વાસ ઘણો વધારે મજબૂત થયો છે.

અમદાવાદ મંડળની આ નોંધપાત્ર સિદ્ધિઓ “Driving Progress, Delivering Prosperity” ની ભાવનાને સાકાર કરતાં પશ્ચિમ રેલવેની માલ લોડિંગ ક્ષમતાને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. ભવિષ્યમાં પણ મંડળ દ્વારા નવા વ્યાપારી અવસરોની ઓળખ કરીને માલ પરિવહનના ક્ષેત્રમાં નવીનતા અને શ્રેષ્ઠતાની દિશામાં સતત પ્રયાસો કરવામાં આવતા રહેશે.

# સુપ્રસિધ્ધ અંબાજી મંદિરની સુરક્ષામાં ગાબડુ : ભંડારામાંથી લાખોની ચોરી કરતો પટાવાળો ઝડપાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



યાત્રાધામ અંબાજી મંદિરમાંથી ચોરીની એક સનસનાટીભરી ઘટના બહાર આવી છે, જેણે મંદિરના વહિવટ અને સુરક્ષા વ્યવસ્થા સામે અનેક સવાલો ઉભા કર્યા છે. લાખો શ્રધ્ધાળુઓની આસ્થાના કેન્દ્ર સમાન આ મંદિરમાં જયારે ખુદ મંદિરનો જ કર્મચારી ચોરી કરતા પકડાય ત્યારે ભકતોમાં ભારે રોષ અને આશ્ચર્ય જોવા મળી રહ્યુ છે. કરોડોની આવક ધરાવતા આ વિશ્વપ્રસિધ્ધ મંદિરમાં બનેલી આ ઘટનાએ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ચકચાર મચાવી દીધી છે.

મળતી માહિતી મુજબ અંબાજી મંદિરના ભંડારામાંથી આશરે ૧.૪૦ લાખ ની રોકડ રકમની ચોરી કરતા મંદિરનો જ એક પટાવાળો રંગે હાથ ઝડપાઈ ગયો છે. મંદિરના પવિત્ર પરીસરમાં રહીને જ શ્રધ્ધાળુઓના દાન પર હાથ સાફ કરનાર આ કર્મચારીની ધરપકડ બાદ અનેક ચોંકાવનાર ખુલાસા થઈ રહ્યા છે. સુરક્ષાના આટલા મોટા કાફલા વચ્ચે એક સામાન્ય પટાવાળો આટલી મોટી રકમ કેવી રીતે ચોરી કરી શકયો તે એક ગંભીર તપાસનો વિષય છે. ઘટના બહાર આવ્યા બાદ મંદિરના વહિવટદારનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો ત્યારે તેમણે ફોન ઉઠાવવાનુ ટાળ્યુ હતું. તો બીજી તરફ મંદિરના એકાઉન્ટ ઓફીસર દ્વારા પણ સંતોષકારક જવાબ આપવાને બદલે ગોળગોળ વાતો કરીને ઘટનાને રફે દફે કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોય તેવુ જણાય છે. જવાબદાર અધિકારીઓનુ આ વલણ શંકા સોય તેમની તરફ પણ ફેરવે છે. સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે જયાં મંદિરનો ભંડારો (દાન પેટીની ગણતરી) રાખવામાં આવે છે.

તેવા અતિ સંવેદનશીલ સ્થળે સીસીટીવી કેમેરા જ ન હોવાનુ બહાર આવ્યુ છે. આ એક મોટી સુરક્ષા ચુક ગણાય, આશંકા સેવાઈ રહી છે કે આ પટાવાળો તો માત્ર એક મહોરૂ છે, તેની પાછળ કોઈ મોટુ નેટવર્ક અથવા મોટા માથાની મીલીભગત હોઈ શકે છે, ઘટનાને દબાવવાના પ્રયાસો જોતા આ શંકા વધુ પ્રબળ બની રહી છે.

અંબાજી મંદિર એ માત્ર એક ધાર્મિક સ્થળ નથી, પણ લાખો લોકોની અતુટ શ્રધ્ધાનુ પ્રતિક છે, ભકતો પોતાની પરસેવાની કમાણીમાંથી માતાજીના ચરણે જે દાન ધરે છે, તેનુ રક્ષણ કરવાની જવાબદારી મંદિર ટ્રસ્ટની છે, આવી ઘટનાઓથી ભકતોનો વિશ્વાસ ડગમગી શકે છે. હાલમાં આ મામલે તટસ્થ તપાસની માંગ ઉઠી રહી છે જેથી સત્ય બહાર આવે અને જવાબદારો વિરૂધ્ધ કડક કાર્યવાહી થાય.

### મહેસૂલ વિભાગની ચિંતન શિબિરમાં યોજાયેલા સ્પેશ્યલ સેશનમાં ભલામણો વિશે ગહન ચર્ચા કરવામાં આવી

# વન સ્ટેટ, વન એક્ટ, વન રૂલ’ તરફ મક્કમ પગલું: મહેસૂલના જૂના કાયદાઓના સરળીકરણ માટે સી.એલ. મીના અને જે.કે. અસ્તિક સમિતિની મહત્ત્વની ભલામણો








ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા વહીવટી પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા અને જટિલ કાયદાઓને સરળ બનાવવાના ઉમદા હેતુથી ‘વન સ્ટેટ, વન એક્ટ, વન રૂલ’(One State, One Act, One Rule)ની સંકલ્પના સાકાર કરવામાં આવી રહી છે. હાલમાં યોજાઈ રહેલી મહેસૂલ વિભાગની ચિંતન શિબિર અંતર્ગત યોજાયેલા એક સ્પેશ્યલ સેશનમાં આ વિષય પર વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી, જેમાં જમીન સુધારણા અને કાયદાકીય સરળીકરણ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ સંકલ્પનાને મૂર્ત સ્વરૂપ આપવા માટે રચાયેલી સી.એલ. મીના સમિતિ અને જે.કે. અસ્તિક સમિતિએ સઘન અભ્યાસ બાદ પોતાના અહેવાલો અને વિસ્તૃત ભલામણો સરકારને સુપરત કરી છે. ચિંતન શિબિરના ખાસ સત્રમાં આ સમિતિઓની ભલામણો પર અધિકારીઓ દ્વારા મંથન કરવામાં આવ્યું હતું. જેમાં જૂના અને અપ્રસ્તુત મહેસૂલી કાયદા, નિયમો અને પરિપત્રોનો અભ્યાસ કરી બિનજરૂરી કાયદાઓને રીપીલ (રદ) કરવા, સુધારણાની જરૂરિયાતવાળા કાયદાઓના સ્થાને એક જ આધુનિક અને સંકલિત કાયદો તૈયાર કરવા, અસંખ્ય જૂના ઠરાવોના સ્થાને એક જ સર્વગ્રાહી અને સ્પષ્ટ ઠરાવ અમલમાં મૂકવા જેવી ભલામણો આપવામાં આવી છે. જમીન મહેસૂલ સંબંધિત વિવિધ જટિલ કાયદાઓને એક જ સંકલિત માળખામાં પરિવર્તિત કરવાથી વહીવટી તંત્રમાં સ્પષ્ટતા, સુગમતા અને એકસૂત્રતા આવશે." જેના થકી કાયદાના અર્થઘટનમાં થતી ગેરસમજો દૂર થશે. વર્ષો સુધી ચાલતા મહેસૂલી વિવાદો અને લિટિગેશનમાં નોંધપાત્ર ઘટાડો થશે. સામાન્ય નાગરિકો અને અધિકારીઓ બંને માટે પ્રક્રિયા વધુ પારદર્શક બનશે. આ એકીકૃત માળખું “Ease of Doing Business”તેમજ “Ease of Living”ને વેગ આપશે અને ગુજરાતને ભૂમિ વહીવટના ક્ષેત્રમાં દેશનું મોડેલ રાજ્ય બનાવશે.

- રેશમા

# રાજકોટમાં PGVCLના MDના નામે મેસેજ કરી ૪૬.૬૦ લાખની ઠગાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટમાં સાયબર ફ્રોડની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં પીજીવીસીએલના એમડીના નામે ખોટો વોટ્સએપ મેસેજ કરીને નાણા વિભાગના જનરલ મેનેજર પાસેથી ૪૫,૬૦,૯૦૪ પડાવીને બંગાળની બેંકમાં જમા કરાવ્યા હતા. ગઠિયાએ એમડીના ફોટા સાથેના વોટ્સએપ નંબર પરથી મેસેજ કરી પોતે મીટિંગમાં હોવાનું જણાવી તાત્કાલિક નાણાં ટ્રાન્સફર કરવા સૂચના આપી હતી. યુનિવર્સિટી રોડ પર રહેતા અને પીજીવીસીએલ કચેરીમાં ફાઈનાન્સ વિભાગના જનરલ મેનેજર તરીકે ફરજ બજાવતા કિન્તુકુમાર શશીકાંતભાઈ મલકાણે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ, ગત તા. ૪ મેના રોજ તેઓ ઓફિસમાં હતા ત્યારે તેમના મોબાઈલ પર એમડી કેતન જોષીના ફોટાવાળા એક અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો. જેમાં લખ્યું હતું કે, ‘મલકાણ, આ મારો પર્સનલ નંબર છે, કોઈની સાથે શેર ન કરતા.’ ત્યારબાદ સામો પક્ષ મીટિંગમાં હોવાનું કહીને વોઈસ કોલ ઉપાડ્યો નહોતો અને મેસેજ દ્વારા મનીષા મંડલ નામના બંગાળના એકાઉન્ટમાં ૪૫,૬૦,૯૦૪ રૂપિયા તાત્કાલિક ટ્રાન્સફર કરવા જણાવ્યું હતું.એમડીની સૂચના સમજીને કિન્તુકુમારે ઓફિસના કર્મચારી મારફતે આરટીજીએસ દ્વારા આ રકમ ટ્રાન્સફર કરાવી દીધી હતી. જોકે, થોડી વાર પછી ફરીથી તે જ નંબર પરથી નીતિન નામના અન્ય એકાઉન્ટમાં ૩૦,૬૦,૮૦૧ રૂપિયા ટ્રાન્સફર કરવાનો મેસેજ આવ્યો હતો આથી મેનેજરને શંકા ગઈ હતી, જેથી તેઓ રૂબરૂ એમડી કેતન જોષીને મળવા પહોંચ્યા હતા. એમડીએ આવા કોઈ મેસેજ કર્યા ન હોવાનું અને તે નંબર તેમનો ન હોવાનું જણાવતા છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો.

# એક દલિત પિતાની વ્યથાઃ કચડાયેલા લોકોનો અવાજ કોણ સાંભળશે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આજે પણ ભારતમાં શૈક્ષણિક સફળ દલિત વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સંસ્થાઓમાં ભેદભાવ, બહિષ્કાર અને સમર્થનના અભાવને સહન કરી રહ્યા છે. ઉપરાંત પ્રણાલીગત અવરોધો અને શિષ્યવૃત્તિમાં કાપ તેમના સંઘર્ષને વધુ તીવ્ર બનાવે છે. શું કેમ્પસમાં ક્યારેય તેમની સાથે સમાનતાનો વ્યવહાર કરાશે?

એક દલિત પિતાની વ્યથાઃ " મારા મોટા દીકરાએ આ વર્ષે CBSEમાં દસમાં ધોરણમાં ૯૩% માર્ક્સ મેળવ્યા. તેનાથી ખુશ થવાને બદલે મને ઊંઘ નથી આવતી. હું તેને કોલેજ મોકલવામાં ડર અનુભવું છું." મારા દીકરાના ૯૩% આવવાથી મિત્રો, પાડોશીઓ અને સગા અભિનંદન આપવા લાગ્યા છે. મારો નાનો દીકરો પણ ભણવામાં અવ્વલ છે. આપણા દેશમાં માપદંડ મુજબ પરીક્ષામાં મેળવેલા ગુણના આધારે જ રેંક અને મેરીટ નક્કી થાય છે. તેમના આગળ ભણવા માટેના પ્રવેશના ફોર્મ લાવી દીધા છે.પરંતુ મને ઊંઘ નથી આવતી. કારણ આ પ્રવેશ ફોર્મ જોતાં જ મને સહજ રીતે ડરનો ખ્યાલ આવી જાય છે. મને કોલેજનો, વર્ગખંડનો, હોસ્ટેલની પરસાળનો ડર લાગે છે. મને એ શિક્ષકનો ડર છે જે મારા દીકરાને તેની જાતિ પૂછશે. મને એના રૂમમેટનો ડર છે જે તેની સાથે અલગ વ્યવહાર કરશે. મને તો તેની રૂમના સીલિંગ ફેનનો પણ ડર લાગે છે.

અમે ભારતની પ્રજા ના એક ચતુર્થાંશ એટલે કે ૩૦ કરોડ લોકો છીએ. જ્યારે વસ્તી ગણતરીમાં હિન્દુઓની સંખ્યા વધારવાની જરૂર હોય ત્યારે અમારી ગણતરી કરવામાં આવે છે અને ફરી પાછા અમને તરછોડી દેવામાં આવે છે. આ બાબતે ડો. બાબા સાહેબ આંબેડકરે ૧૯૪૮માં તેમના પુસ્તક "ધ અન ટચેબલ્સ" માં અમારા પૂર્વજો વિશે લખ્યું છે કે, ભદ્ર વર્ગે તેમને (અમારા પૂર્વજોને) પરાજિત જાતિઓના છૂટા છવાયા અવશેષો ગણીને ગામના છેવાડે ધકેલીને ત્યાં ઘર બાંધવા દીધા. વધેલું ખાવા આપ્યું. જે કામ કોઈ ન કરે તેવા કામો સોંપ્યા અને તેમને (પૂર્વજોને) "અસ્પૃશ્ય" જાહેર કર્યા.

આજે બંધારણ અમલમાં આવ્યાના સિત્તેર વર્ષ પછી પણ અમે આજે પણ કચડાયેલા જ છીએ. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ઓબીસી, ઐતિહાસિક રીતે વંચિત જેવા નામો આપીને અમારા ફકત નવા નામકરણ કરવામાં આવ્યા છે.

આપણાં દેશમાં સૌથી મોંઘુ શિક્ષણ અને તેમાં પણ મેડિકલ, ટેકનિકલ, કાયદાના અભ્યાસ કે સીએના અભ્યાસની વાત કરીએ તો દલિત સમાજ માટે આ અભ્યાસ ઘણા જ અઘરા છે. કારણકે તેઓની આર્થિક સ્થિતિ નબળી, ઘરના ઠેકાણા નહીં, ઘરમાં લાઈટ નહીં, માં-બાપ ને પૂરતો રોજગાર નહીં આવી કપરી પરિસ્થિતિમાં પણ બાળકોને દલિત સમાજના વાલીઓ અભ્યાસ કરાવવા અને ડોકટર કે એંજિનિયર બને તે માટે ના પ્રયાસ કરતાં પરંતુ સરકારે હવે મેડિકલ માટે અને ટેકનિકલ શિક્ષણ માટે ધોરણ-૧૨ પછી પરીક્ષા દાખલ કરી જે મેડિકલ માટે NEET અને ટેકનિકલ માટે JEE તરીકે ઓળખવવા લાગી. આ પરીક્ષાઓ ગત વર્ષોમાં ગંભીર ગોટાળા થયા અને પૈસાવાળા લોકોના બાળકો NEET અને JEE કરી આગળ વધવા લાગ્યા. NEET માં જે ગંભીર ગોટાળા થયા તેનાથી અનેક વિદ્યાર્થીઓને નુકશાન થયું. તેમાં દલિત સમાજના વિદ્યાર્થીઓ નહીં હોય એમ માની શકાય નહીં. ટૂંકમાં જે લોકોના પૈસાપાત્ર હતા તેઓ પોતેજ કરીને એક લાઈન મેડિકલની NEET અને એન્જીનિયરીંગ ટેકનિકલ ની JEE પાસ કરી એડમિશન મેળવવા લાગ્યા. ટૂંકમાં ધોરણ-૧૨ પરીક્ષામાં સારા ગુણ મેળવનારા વિદ્યાર્થીઓને અન્યાય થવા લાગ્યો. કારણકે NEETની પરીક્ષા ઓબ્જેક્ટિવમાં જે આન્સર ખોટા પડે તેના માર્ક્સ કપાવા લાગ્યા. આ રીતે વિદ્યાર્થીઓના ભાવી સાથે ચેંડા થવા લાગ્યા. આમાં કોઈ સમાજ નહીં પરંતુ દરેક સમાજના વિદ્યાર્થીઓને અન્યાય થવા લાગ્યો તો પછી ધોરણ-૧૨ પછી NEET અને ટેકનિકલ માટે JEE ની કોઈ જરૂરિયાત ખરી?

# ચૂંટાયા પછી કામ નહીં કરનારા પ્રતિનિધિને પાછા બોલાવી લેવાનો અધિકાર...

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ભારતીય લોકશાહીમાં સૌથી મૂળભૂત જવાબદારી પધ્ધતિ એ છે કે નાગરિકો તેમના ચૂંટાયેલા પ્રતિનિધિને તેમના કાર્યકાળના અંત પહેલા દૂર કરવાનો અધિકાર છે. પરંતુ આ મૂળભૂત જવાબદારીની પધ્ધતિ ખોવાઈ ગઈ છે. હાલમાં ઘણા ચૂંટાયેલા સાંસદ, ચૂંટણીના દિવસોમાં આપેલા તેમના વચનોથી વિરુધ્ધ કાર્ય કરતાં હોય છે. ઉપરાંત જે પક્ષની વિરુધ્ધમાં હતા તે પક્ષની સરકારને ટેકો આપતા હોય છે. ક્યારેક તેમના મતદારોને નુકશાન પહોંચાડતા બિલોને પણ સમર્થન આપતા હોય છે. ક્યારેક અથવા મોટેભાગે તેમના મતવિસ્તારમાંથી સંપૂર્ણપણે અદ્રશ્ય થઈ જતાં હોય છે. આમ છતાં પાંચ વર્ષ સુધી અથવા આગામી ચૂંટણી સુધી કોઈ તેમણે કંઈ કશું કહી શકતું પણ નથી.


યુનાઈટેડ સ્ટેટસમાં રાજય સ્તરે, સ્વિટઝર્લેન્ડમાં , લેટિન અમેરિકાના કેટલાક ભાગોમાં વિવિધ સ્વરૂપોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓને પાછા બોલાવી લેવાનો અધિકાર પ્રચલિત છે. જો તેમણે ચૂંટેલા પ્રતિનિધિ તેમની મૂળભૂત શરતો પૂરી કરવામાં નિષ્ફળ જાય તો તે મતવિસ્તારમાં મતદારોની ચોક્કસ ટકાવારી નવી ચૂંટણીઓ યોજવાની મંજૂરી મળે છે. આ રાજકીય વર્ગ માટે એકબીજા સામે શસ્ત્ર ઊભું કરવાની પધ્ધતિ નથી. ટકાવારીની મર્યાદા અને પ્રક્રિયાગત સલામતી તેવી પધ્ધતિને અટકાવે છે. તે નાગરિકો માટે સતત સાર્વ ભૌમત્વનો ઉપયોગ કરવાની પધ્ધતિ છે. તે માત્ર સમયાંતરે મતાધિકારનો ઉપયોગ કરવાની નથી.

ભારતના ઘણા રાજયોમાં પંચાયતી રાજ સંસ્થાઓમા પહેલાથી જ ચૂંટાયેલા પંચાયત નેતાઓને પાછા બોલાવી લેવાની જોગવાઈઓ છે. આ જોગવાઈઓ ધારાસભ્યો અને સાંસદો સુધી આ લાગુ ન કરી શકાય તેનું કોઈ સૈધ્ધાંતિક કારણ નથી. જે લોકશાહી પોતાના નાગરિકોના જીવનને આકાર આપતા મુખ્ય નિર્ણયો લઈ શકતી નથી,ત્યાં ફકત નામ પૂરતી જ લોકશાહી છે.

# કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ હેલ્થ મિશનની ગ્રાન્ટ આપવામાં ઓરમાયુ વર્તન દાખવતા રાજયના પેટા આરોગ્ય કેન્દ્રોમાં સીએચઓની ભરતી ન કરવા છુટયા આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

મોસાળ માં માં પીરસતી હોય તો પાછુ વળીને જુએ નહી, પરંતુ અહીંયા તો કેન્દ્રમાં ભાજપ અને ગુજરાતમાં પણ ભાજપની સરકાર હોવા છતાં નેશનલ હેલ્થ મિશનની વરસોથી આવતી ગ્રાન્ટમાં અડધો અડધ કાપ મુકી દેવામાં આવતા ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લા પંચાયતોમાં નેશનલ હેલ્થ મિશન અંતર્ગત (સીએચઓ) કોમ્યુનિટી હેલ્થ ઓફીસર ની તાત્કાલીક ભરતી માટેની જાહેરાત ઉપર રોક લગાડી દેવામાં આવતા ગ્રામ્ય વિસ્તારની ગરીબ ભોળી જનતા હવે કોમ્યુનીટી હેલ્થ ઓફીસરો (સીએચઓ) ની સેવા લઈ શકશે નહી તેવો વિભાગ દ્વારા પરીપત્ર પાઠવવામાં આવતા પ્રજામાં રોષ ભભુકી ઉઠયો છે.




આરોગ્ય વિભાગના અધિક નિયામક (જાહેર આરોગ્ય) ડો. નિલમ પટેલની ડીઝીટલ સહીથી મોકલવામાં આવેલ પત્રમાં જણાવવામાં આવ્યુ છે કે જે ગામડાઓમાં પીએચસી સેન્ટરો આવેલા હોય તે ગામડાઓ અથવા પીએચસીના પેટા આરોગ્ય કેન્દ્રો (આયુષ્યમાન આરોગ્ય મંદિર) ખાતે કોમ્યુનીટી હેલ્થ ઓફીસરો રાખી શકાશે નહી,

આ પરીપત્રને લઈ ભાજપમાં ભુકંપ સર્જાયો છે. કેટલાક ભાજપના ધારાસભ્યો અને આગેવાનોએ પણ નારાજગી વર્તાવી છે, કારણ કે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં જે ગામડાની પ્રજાએ ખોબે ખોબા ભરી ભાજપને મત આપી તાલુકા પંચાયતોમાં જંગી બહુમતીથી જીત અપાવ્યા બાદ ગામડાઓમાં વરસોથી ચાલતા પેટા આરોગ્ય કેન્દ્રો (આયુષ્યમાન આરોગ્ય મંદિરો)માં કોમ્યુનીટી હેલ્થ ઓફીસરોની નિમણુંક ઉપર રોક લગાડી દેવામાં આવતા પ્રજાને હવે આરોગ્ય ની સુવિધા માટે ખાનગી કિલનીકોનો સહારો લેવો પડે તો નવાઈ નહી. આ અંગે નેશનલ હેલ્થ મિશનના સુત્રો દ્વારા મળેલ માહિતી મુજબ કેન્દ્રમાંથી નેશનલ હેલ્થ મિશનની ગ્રાન્ટમાં કાપ મુકી દેવામાં આવ્યો છે. હાલમાં નેશનલ હેલ્થ મિશનની ગ્રાન્ટમાં ૬૦:૪૦ નો રેશીયો છે, જેમાં ૬૦ ટકા ગ્રાન્ટ કેન્દ્ર સરકાર આપે છે અને બાકીની ૪૦ ટકા ગ્રાન્ટ ગુજરાત સરકાર આપે છે. આ અંગે આરોગ્યમંત્રીને પીએસ ને પુછવામાં આવતા તેમણે કહ્યુ હતુ કે નાણાં વિભાગ પાસે મંજુરી માંગવાની છે, પરંતુ કયારે અને કેટલા સમયમાં માંગવાની છે તે અંગે પીએસ એ જવાબ આપવાનુ ટાળ્યુ હતું. જે હોય તે પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ હેલ્થ મિશનની ગ્રાન્ટ આપવામાં ગુજરાત સરકાર સાથે ઓરમાયુ વર્તન દાખવી હોવાનુ આરોગ્ય વિભાગના પરીપત્રથી ફલીત થઈ રહ્યુ છે.

# એસટીના ખાનગીકરણ સામે આગામી તારીખ ૨૫ મે. થી રાજય વ્યાપી લડતનુ એલાન

પ્રતિનિધિ,ગાંધીનગર

એસટી નિગમમાં વિવિધ સેવાઓનુ થઈ રહેલ સતત ખાનગીકરણ સામે છેલ્લા કેટલાક દિવસોથી વિરોધ કરી રહેલા એસટી કર્મચારીઓના ત્રણેય માન્ય યુનિયનોએ અંતે ખાનગીકરણના નિર્ણય સામે લડતનુ એલાન આપ્યુ છે અને તારીખ ૨૫/૫/૨૦૨૭ થી રાજયવ્યાપી લડતનુ એલાન કરી દીધુ છે.ત્રણેય યુનિયનોએ એસટીમાં થઈ રહેલા ખાનગીકરણને અટકાવવા માટે રાજયના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી પાસે પણ દાદ માંગી છે અને ખાસ પત્ર પાઠવી જણાવ્યુ છે કે ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસટી નિગમ) ખાતે સર્વિસો / શીડયુલોના કેન્સલેશન સંદર્ભે ૨ હજાર ડ્રાઈવર અને ૨ હજાર કંડકટર ખાનગી એજન્સી મારફતે કોન્ટ્રાકટ બેઈઝ ઉપર લેવા નિગમ દ્વારા હાલ કાર્યવાહી ચાલી રહી છે. આ બાબતે ધ્યાન દોરતા જણાવવાનુ કે હાલ નિગમ ખાતે ડ્રાઈવર કંડકટર ની ભરતીની પ્રક્રિયા ખુબ જ જટીલ છે. તેને સરળ બનાવવી જોઈએ,



રાજયના જુદા જુદા જિલ્લા (વિભાગ) વાઈઝ ડ્રાઈવર, કંડકટરની ભરતી કરવી જોઈએ, શૈક્ષણિક લાયકાત કરતા ડ્રાઈવીંગ સ્કીલને વધુ મહત્વ આપવુ જોઈએ. નિગમના જુદા જુદા વિભાગો દ્વારા નવીન એકસપ્રેસ / આંતર રાજય રૂટ શરૂ કરવાની મંજુરી મધ્યસ્થ કચેરી પાસે માંગવામાં આવે છે. આવા વધારાના ક્રુ ની ગણતરી કુલ જરૂરીયાત પ્રમાણેની સંખ્યા સાથે ભરતી થવી જોઈએ તે મુજબના ક્રુ ગણવામાં આવે છે કે કેમ ? તે ચકાસી નવીન ભરતીમાં તેની ગણતરી કરવી જોઈએ, નિગમના કુલ ડ્રાઈવર / કંડકટરની જગ્યામાં લીવ રીઝર્વ સ્ટાફ રેશીયો ગણતરીમાં લઈ સરકારની મંજુરી માંગવી જોઈએ, જેનુ સ્વાસ્થ્ય સારૂ છે, ફરજ માટે ફીટ છે અને જેઓ ફરજ બજાવવા ઈચ્છુક છે તેવા નિગમના નિવૃત્ત ડ્રાઈવર / કંડકટરને પુનઃ કોન્ટ્રાકટ બેઝ ઉપર કરાર આધારીત નોકરી ઉપર લેવા જોઈએ, અગાઉ આ જ રીતે લેવાયેલ છે,

ગમે તે વરસના વેઈટીંગ લીસ્ટ પૈકી ના ઉપલબ્ધ ડ્રાઈવર, કંડકટરને કોન્ટ્રાકટ બેઈઝ ઉપર લેવા જોઈએ, હાલ જે ડ્રાઈવર કંડકટર ફરજ ઉપર છે તેઓ પૈકીના જે કર્મચારી ડબલ ડયુટી કરવા ઈચ્છુક હોય તેવા કર્મચારી પાસેથી ડબલ ડયુટી ફરજો લેવા અને તેઓને નવીન સુધારેલ દરે ઓવર ટાઈમ ચુકવવો જોઈએ, જેથી કેન્સલેશન માં ઘટાડો થાય, આ ઉપરાંત ખાનગી એજન્સી પાસેથી લેવાના કોન્ટ્રાકટ પધ્ધતિના કારણે વહિવટ દ્વારા ખાનગી એજન્સી મારફત આઉટસોર્સિંગ થી ડ્રાઈવર / કંડકટરને મર્યાદીત સમય માટે કોન્ટ્રાકટ બેઈઝ ઉપર લેવાની ચર્ચા કરેલ, પરંતુ આવી ભરતી કરવાની નિગમમાં ફરજ બજાવતા કાયમી કર્મચારીના હિત અને હક્ક ને નુકશાન થવાની પુરેપુરી સંભાવનાઓ રહેલી છે. નિગમના કાયમી કર્મચારી અને ખાનગી એજન્સી મારફત લેવાયેલ કર્મચારીઓ વચ્ચે એક યા બીજા કારણોસર ઘર્ષણ થવાની શકયતા, ખાનગી એજન્સી મારફત લેવાયેલ કંડકટર કક્ષાના કર્મચારીઓ સીધી જ રીતે નાણાંકીય વ્યવહાર સાથે સંકળાય તો મોટા પ્રમાણમાં નાણાંકીય ગેરરીતી થવાની સંભાવના, અકસ્માતના કિસ્સા નિગમ ઉપર નાણાંકીય ભારણ વધવાની શકયતા છે.

આ ઉપરાંત હાલમાં નિગમ ખાતે ભાડાકરાર આધારીત બસો ભાડે લેવાની કાર્યવાહી થઈ રહી છે. જે પણ નિગમના હિતમાં નથી, આવી લોન / કોન્ટ્રાકટ એજન્સી મારફતે આઉટસોર્સિંગ થી લેવાના કર્મચારીઓ તે નિગમનુ ખાનગીકરણ તરફનુ પ્રથમ પગલુ હોવાનુ એસટી નિગમના તમામ કર્મચારીઓનુ માનવુ છે. માટે આવી કાર્યવાહી આઉટસોર્સિંગ થી ડ્રાઈવર / કંડકટર લેવા તથા વાહનો ભાડે લેવાની કાર્યવાહી તાત્કાલીક અસરથી અટકાવવા વિનંતી કરીએ છીએ. આમ છતાં પણ જો આવી કોઈ કાર્યવાહી કરવામાં આવશે તો આ મુદ્દે નિગમના કર્મચારીઓ આશ્ચર્યજનક કાર્યક્રમો થકી તારીખ ૨૫ મે થી સ્વયંભુ આંદોલન કરશે.

# ધોરણ ૧૦નું ૮૩.૮૬ ટકા પરીણામ જાહેરઃ વિદ્યાર્થીઓનુ પરીણામ ૮૦.૧૨ ટકા જેની સામે વિદ્યાર્થીનીઓનુ ૮૮.૨૮ ટકા સાથે ઉચ્ચ પ્રદર્શન

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે બુધવારે ધોરણ ૧૦ નુ પરીણામ જાહેર કરવામાં આવ્યુ હતું. ચાલુ વરસે રાજયનુ કુલ પરીણામ ૮૩.૮૬ ટકા નોંધાયુ છે, જે વિદ્યાર્થીઓની મહેનત અને શિક્ષણસ્તરમાં થયેલા સુધારાની સાક્ષી પુરે છે. રાજયભરમાંથી પરીક્ષા આપનાર કુલ ૭,૫૬,૩૯૨ વિદ્યાર્થીઓમાંથી ૬,૩૪,૩૨૭ વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક પાસ થયા છે. પરીણામના આંકડા જોતા સ્પષ્ટ થાય છે કે આ વખતે પણ દિકરીઓએ મેદાન માર્યુ છે, વિદ્યાર્થીઓનુ પરીણામ ૮૦.૧૨ ટકા રહ્યુ છે, જેની સામે વિદ્યાર્થીનીઓએ ૮૮.૨૮ ટકા સાથે ઉચ્ચ પ્રદર્શન કર્યુ છે, જિલ્લાવાર વાત કરીએ તો નર્મદા જિલ્લો ૯૦.૮૫ ટકા સાથે રાજયમાં પ્રથમ ક્રમે રહ્યો છે. જયારે પંચમહાલ જિલ્લો ૭૬.૪૨ ટકા સાથે અંતિમ ક્રમે છે, કેન્દ્ર અને શાળાવાર પરીણામની જો વાત કરીએ તો ગાંધીનગર જિલ્લાનુ આજોલ કેન્દ્ર ૧૦૦ ટકા પરીણામ સાથે રાજયનુ



સૌથી તેજસ્વી કેન્દ્ર બન્યુ છે, જયારે દાહોદ જિલ્લાનુ મુનખોસલા કેન્દ્ર ૩૩.૭૪ ટકા પરીણામ સાથે સૌથી નબળુ કેન્દ્ર રહ્યુ છે. શાળાઓના પ્રદર્શનમાં મોટો તફાવત જોવા મળ્યો છે. જેમાં રાજયની ૧,૬૯૭ શાળાઓએ ૧૦૦ ટકા પરીણામ મેળવીને ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ છે, પરંતુ તેની સામે ૩૯ શાળાઓ એવી પણ છે જયાં એકપણ વિદ્યાર્થી પાસ ન થતા શુન્ય ટકા પરીણામ નોંધાયુ છે. ચાલુ વરસે એ-૧ ગ્રેડ મેળવનાર તેજસ્વી તારલાઓની સંખ્યામાં વધારો થયો છે. કુલ ૩૫,૫૦૮ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવીને ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. જયારે ૯૦,૮૬૩ વિદ્યાર્થીઓએ એ-૨ ગ્રેડ મેળવ્યો છે. માધ્યમ મુજબ જોઈએ તો અંગ્રેજી માધ્યમનુ પરીણામ ૯૨.૫૦ ટકા અને ગુજરાતી માધ્યમનુ પરીણામ ૮૨.૬૭ ટકા રહ્યુ છે. આ પરીણામ હજારો પરીવારોમા ખુશીની લહેર લાવ્યુ છે. જે વિદ્યાર્થીઓ સફળ થયા છે તેમની ઉજજવળ ભવિષ્યની શુભકામનાઓ અને જેમને સફળતા નથી મળી તેમને નિરાશ થયા વગર ફરી બેવડા જોશથી મહેનત કરવા માટે આ પરીણામ પ્રેરણા પુરી પાડે છે.

## નેશનલ હાઈવે રોડની સર્વિસ રોડની કામગીરી પડી ભાંગી : મહત્વની બેઠકનુ આયોજન

# ગાંધીનગર નજીક ચિલોડામાં જમીન સંપાદન મુદ્દે ખેડુતોનો ઉગ્ર વિરોધઃ અધિકારીઓને ખેડુતોએ ધકકે ચડાવ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગાંધીનગર ના ચિલોડા નજીક નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા દ્વારા હાથ ધરવામાં આવેલી જમીન સંપાદનની કામગીરી સામે સ્થાનિક ખેડુતોએ આંદોલનના મંડાણ કર્યા છે. મોટી શિહોલી ગામના ખેડુતોએ વળતરના મુદ્દે ભારે હોબાળો મચાવ્યો હતો. જેના કારણે તંત્રના અધિકારીઓનુ સ્થળ છોડીને ભાગવાની ફરજ પડી હતી.

મોટી શિહોલી ગામમાં નેશનલ હાઈવે ઓથોરીટી ઈન્ડીયાના અધિકારીઓ જયારે સર્વિસ રોડની કામગીરી માટે જમીનનો કબ્જો મેળવવા પહોચ્યા ત્યારે ૧૫ થી વધુ ખેડુતો એકત્રિત થઈ ગયા હતા. ખેડુતોનો આક્ષેપ હતો કે જયાં સુધી યોગ્ય વળતર ન મળે ત્યાં સુધી તેઓ જમીન ખાલી કરશે નહી. આ દરમિયાન ખેડુતો અને અધિકારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને મામલો એટલો બિચકયો હતો કે રોષે ભરાયેલા ખેડુતોએ અધિકારીઓને ધકકે ચડાવ્યા હતા. લોકોના ઉગ્ર વિરોધ અને હોબાળાને જોતા હાલમાં સર્વિસ રોડની તમામ કામગીરી અટકાવી દેવામાં આવી છે. અધિકારીઓને કોઈપણ કામ કર્યા વિના જ પરત ફરવુ પડયુ હતું. ખેડુતોએ સ્પષ્ટ ચેતવણી આપી હતી કે જો તેમના હિતમાં નિર્ણય લેવામાં નહી આવે તો તેઓ આગામી સમયમાં આંદોલન વધુ ઉગ્ર બનાવશે.

આ ઘટના બાદ તંત્ર અને ખેડુતો વચ્ચે મડાગાંઠ સર્જાઈ છે. સુત્રોના કહેવા પ્રમાણે વળતરના પ્રશ્નોનુ નિરાકરણ લાવવા માટે આગામી



દિવસોમાં નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયાના ઉચ્ચ અધિકારીઓ અને ખેડુત પ્રતિનિધિઓ વચ્ચે એક મહત્વની મીટીંગ યોજાઈ શકે છે. ત્યાં સુધી કામગીરી સ્થગિત રાખવા નિર્ણય લેવાયો છે.

# અરવલ્લી જિલ્લાના મેઘરજમાં એસીબીએ બોલાવ્યો સપાટોઃ વારસાઈના કામ માટે રૂ. ૫ હજારની લાંચ લેતા રેવન્યુ તલાટી ઝડપાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

અરવલ્લી જિલ્લામાં ભ્રષ્ટાચારી તત્વો સામે એન્ટી કરપ્શન બ્યુરોએ લાલ આંખ કરી છે, સામાન્ય નાગરીકોના કાયદેસરના કામો માટે નાણાંની માંગણી કરતા સરકારી બાબુઓમાં ફફડાટ વ્યાપી ઉઠયો છે.



અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના એક રેવન્યુ તલાટી મંત્રી વારસાઈની નોંધ પાડવા જેવા પાયાના કામ માટે લાંચ લેતા ઝડપાતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાંથી ભ્રષ્ટાચારનો એક ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે. જયાં પ્રજાના સેવક ગણાતા રેવન્યુ તલાટી કમ મંત્રી જ ભ્રષ્ટાચારના રવાડે ચઢયા હોવાનુ બહાર આવ્યુ છે. મેઘરજની રામગઢી પંચાયતના રેવન્યુ તલાટી ગુમાનસિંહ વારસાઈના કામ માટે અરજદાર પાસેથી લાંચ લેતા એસીબીના હાથે ઝડપાઈ ગયા હતા. આ ઘટનાને પગલે જિલ્લાના મહેસુલી વિભાગમાં ભારે દોડધામ મચી જવા પામી હતી અને ભ્રષ્ટ કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ઉઠયો છે. મળતી માહિતી અનુસાર રામગઢી પંચાયતના રેવન્યુ તલાટી તરીકે ફરજ બજાવતા ગુમાનસિંહ પાસે એક અરજદાર પોતાની જમીનની વારસાઈ કામગીરી માટે ગયા હતા. જમીન મહેસુલના નિયમ મુજબ વારસાઈ કરાવવી એ નાગરીકનો હક્ક છે, પરંતુ આ કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે તલાટી ગુમાનસિંહે અરજદાર પાસે રૂપીયા ૫ હજારની લાંચની માંગણી કરી હતી. અરજદાર લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે હિંમત દાખવીને એસીબી કચેરીનો સંપર્ક કર્યો હતો અને સમગ્ર મામલે ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદના આધારે એસીબીની ટીમે મેઘરજ માં છટકુ ગોઠવ્યુ હતું. આયોજન મુજબ જયારે અરજદાર લાંચની રકમ ગુમાનસિંહને આપવા પહોચ્યા ત્યારે એસીબીએ તરાપ મારીને તલાટીને રૂપીયા ૫ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપી લીધા હતા. એસીબીએ સ્થળ પર જ પંચનામુ કરી આરોપી ગુમાનસિંહ વિરૂધ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હાલમાં એસીબી દ્વારા આરોપી તલાટીની સધન પુછપરછ કરવામાં આવી રહી છે.

# કોંગ્રેસ બાદ હવે આમ આદમી પાર્ટીએ પણ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં થયેલા હાર ની સમિક્ષા માટે બેઠક શરૂ કરી

પ્રતિનિધિ,ગાંધીનગર

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રવકતા ચિત્રેશ અનાજવાલાએ આમ આદમી પાર્ટી દ્વારા આયોજીત સમીક્ષા બેઠક પર વાત કરતા જણાવ્યુ હતુ કે આમ આદમી પાર્ટી દ્વારા સમગ્ર ગુજરાતમાં સમીક્ષા બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ છે.

હાલમાં યોજાયેલ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પરીણામો મુદ્દે આમ આદમી પાર્ટી સમીક્ષા કરશે, આજે તારીખ ૬ મે થી સમીક્ષા બેઠક શરૂ થઈ છે, જે આગામી ૧૦ મે સુધી આ સમીક્ષા બેઠક ચાલશે, ગુજરાતની તમામ નગરપાલિકા, મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં સમીક્ષા બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ સમીક્ષા બેઠકમાં પ્રદેશના નેતાઓ, સ્થાનિક પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે. વધુમાં પ્રદેશ પ્રવકતા ચિત્રેશ અનાજવાલાએ જણાવ્યુ હતુ કે આ સમીક્ષા બેઠકમાં કાર્યકર્તાઓ તથા સ્થાનિક પદાધિકારીઓ પાસેથી સુચનો લેવામાં આવશે. તો બીજી તરફ આવનારી વિધાનસભાની ચુંટણીઓ માટેની પણ તૈયારીઓ શરૂ કરવામાં આવશે,

ચુંટણી દરમિયાન કોઈપણ કાર્યકર્તા કે પદાધિકારીએ પાર્ટી વિરોધી પ્રવૃત્તિ કરી હોય તે વિશે પણ ચર્ચા કરવામાં આવશે અને એ મુદ્દે નિર્ણયો લેવામાં આવશે. સ્થાનિક પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ દ્વારા આપવામાં આવેલા સુચનો મુજબ આગામી સમયમાં પગલા લેવામાં આવશે. સમીક્ષા બેઠકના અંતે આમ આદમી પાર્ટીના પ્રદેશના નેતૃત્વ દ્વારા આગામી રણનીતી તૈયાર કરવામાં આવશે.

# રાજકોટના લાંચ કેસમાં પૂર્વ પીઆઈને બે વર્ષની સજા

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટમાં ૧૬ વર્ષ જૂના લાંચના કેસમાં ખાસ અદાલતે તત્કાલીન પોલીસ ઈન્સ્પેક્ટરને બે વર્ષની સખ્ત કેદની સજા ફટકારી છે. ૧૮ નવેમ્બર ૨૦૦૯ના રોજ મોટા મવા ગામના સરપંચ મયુર તળશીભાઈ શિંગાળાની હત્યા થઈ હતી, જેમાં રમેશભાઈ રાણાભાઈ મકવાણાની સંડોવણી હોવાની રજૂઆત થઈ હતી. તત્કાલીન પીઆઈ ચંદુલાલ પી. ગોસાઈ રમેશભાઈને બોલાવી તેમનું નામ ન ખોલાવવા માટે ૧૫ લાખની લાંચ માગી હતી, જે રકઝકના અંતે ૩.૫૦ લાખમાં નક્કી થઈ હતી.ટ્રેપના દિવસે ૨ લાખ રૂપિયા આપી દેવાયા હતા, જ્યારે બાકીના ૧.૫૦ લાખ રાત્રે પોલીસ સ્ટેશને પહોંચાડવાના હતા. ફરિયાદી રમેશભાઈએ આ અંગે એસીબીનો સંપર્ક કરતા તેમને ઝડપી લીધા હતા.